


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
Volume : 18
Issue : 201
Dt.: 03-04-2026,
Friday
Page : 04
Rs.00.50 paisa


### દેશવાસીઓને ભરોસો આપતાં રાજનાથસિંહે કહ્યું

# આપણા સશસ્ત્ર દળો કોઈપણ પડકારને પહોંચી વળવા સૂસજ્જ

## પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે ગભરાવાની જરૂર નથી, સરકાર દરેક હિલચાલ પર નજર રાખી રહી છેઃ રાજનાથ સિંહ



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ એશિયામાં ઈરાન સાથે જોડાયેલા યુદ્ધના કારણે સર્જાયેલા વૈશ્વિક તણાવ વચ્ચે ભારતના સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે દેશની સુરક્ષાને લઈને અત્યંત કડક સંદેશ આપ્યો છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે વર્તમાન સુરક્ષા સ્થિતિને જોતાં ભારતનો પડોશી દેશ કોઈપણ પ્રકારનું દુઃસાહસ કે ખોટી હરકત કરી શકે છે, પરંતુ જો એવું થયું તો ભારતનો જવાબ અભૂતપૂર્વ અને નિર્ણાયક હશે. રાજનાથ સિંહે સ્પષ્ટતા કરતાં કહ્યું કે, દેશની સુરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને આપણા સશસ્ત્ર દળો કોઈપણ પડકારને પહોંચી વળવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે. આ નિવેદન માત્ર પડોશી દેશો માટે ચેતવણી નથી, પરંતુ એ સંકેત પણ છે કે ભારત હવે દરેક ખતરાનો જડબાતોડ જવાબ આપવા તૈયાર છે. દેશવાસીઓને ભરોસો આપતાં રાજનાથ સિંહે કહ્યું કે, આપણે આપણા નાગરિકોની રક્ષા માટે દરેક જરૂરી પગલાં લેવા સક્ષમ પણ છીએ અને તૈયાર પણ છીએ. આ સાથે તેમણે પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે લોકોને આશ્વાસન આપતાં કહ્યું કે, ગભરાવાની જરૂર નથી. સ્થિતિ ગંભીર ચોક્કસ છે પરંતુ સરકાર દરેક હિલચાલ પર ઝીણવટભરી નજર રાખી રહી છે. સરકાર કડક વલણ અપનાવવાની સાથે જ જનતાનો વિશ્વાસ પણ જાળવી રાખવા માંગે છે. જો કોઈ દુઃસાહસ કરશે તો ભારત આ વખતે તેને છોડશે નહીં. સેના દરેક પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર છે અને કોઈપણ પ્રકારના ઉશ્કેરણીજનક પગલાંને સહન કરવામાં આવશે નહીં.

આ દરમિયાન દેશમાં ઊર્જા સંકટની ફેલાઈ રહેલી અફવાઓ પર પણ સંરક્ષણમંત્રીએ પૂર્ણવિરામ મૂક્યું છે. તેમણે ઊર્જા સંકટની આશંકાઓને ફગાવતાં કહ્યું કે, કેટલાક લોકો યુદ્ધના બહાને ખોટી માહિતી ફેલાવીને ડરનો માહોલ બનાવી રહ્યા છે, પરંતુ દેશમાં પેટ્રોલ, ડીઝલ કે રસોઈ ગેસની કોઈ જ અછત નથી. તેમણે લોકોને અફવાઓથી દૂર રહેવા અપીલ કરી અને ખાતરી આપી કે જરૂરી સંસાધનોનો પુરવઠો સામાન્ય છે. વિદેશમાં રહેતા ભારતીયોની સુરક્ષા પણ સરકારની મોટી જવાબદારી છે અને તે માટે જરૂરી યોજનાઓ તૈયાર કરવામાં આવી રહી છે.

અંતે પીએમ મોદીના નેતૃત્વનો ઉલ્લેખ કરતાં રાજનાથ સિંહે જણાવ્યું કે, સરકાર ઉચ્ચ સ્તરીય બેઠકો દ્વારા સતત સ્થિતિની સમીક્ષા કરી રહી છે. કોઈપણ કટોકટીમાં તાત્કાલિક કાર્યવાહી કરવા માટે વ્યૂહનીતિ તૈયાર છે. તેમણે દેશના હિતમાં સૌને રાજનીતિથી ઉપર ઉઠીને એકજૂથ રહેવા અપીલ કરી હતી. રાજનાથ સિંહનો આ સંદેશ સ્પષ્ટ છે કે ભારત હવે કોઈ પણ ખતરાને હળવાશથી લેશે નહીં અને દેશની સુરક્ષા સાથે કોઈ સમજૂતી કરવામાં આવશે નહીં.

### બોલવા પર પણ લાગ્યો પ્રતિબંધ

# AAP એ રાઘવ ચઢ્ઢાને આપ્યો ઝટકો, ઉપનેતા પદેથી હટાવ્યા

## રાજકીય વર્તુળોમાં તે પ્રકારની ચર્ચા ચાલી રહી છે કે રાઘવ ચઢ્ઢા આમ આદમી પાર્ટીની લાઈનથી અલગ વાત કરતા હતા




(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢાને મોટો ઝટકો લાગ્યો છે. આમ આદમી પાર્ટીએ ચઢ્ઢાને રાજ્યસભાના ઉપનેતા પદેથી હટાવી દીધા છે. તેમની જગ્યાએ સાંસદ અશોક મિત્તલ આપના ઉપનેતા હશે. આમ આદમી પાર્ટીએ રાજ્યસભા સચિવાલયને કહ્યુ કે રાઘવ ચઢ્ઢાને ગૃહમાં પાર્ટી નેતા તરીકે બોલવાની તક આપવામાં ન આવે. એટલે કે તેમના રાજ્યસભામાં બોલવાના સમય પર પણ કાતર ફરશે. સૂત્રોનું માનીએ તો સંસદમાં તેમને બોલવા માટે ફાળવવામાં આવતા સમયમાં પણ ઘટાડો થવાનો છે. છેલ્લા કેટલાક સમયથી રાઘવ ચઢ્ઢા સંસદમાં લોકો સાથે જોડાયેલા મુદ્દા જોરશોરથી ઉઠાવી રહ્યાં છે, જેમાં એરપોર્ટ પર ૧૦ રૂપિયાની ચાથી લઈને ડિલીવરી વર્કરના મુદ્દા સામેલ છે. આ વચ્ચે તેમના પર કાર્યવાહી કરવામાં આવી છે. સૂત્રો પ્રમાણે રાઘવ ચઢ્ઢા પાર્ટી સાથે ચર્ચા કર્યા વગર કેટલાક મુદ્દા પર બોલી રહ્યા હતા. તે રાજ્યસભામાં ક્યા મુદ્દા પર વાત રાખવાના છે, તેની જાણકારી પણ પાર્ટીને આપતા નહોતા. આમ આદમી પાર્ટીએ આ મુદ્દે ચઢ્ઢાને ચેતવણી પણ આપી હતી. પરંતુ પાર્ટી તરફથી તેમના વિરુદ્ધ કેમ કાર્યવાહી કરવામાં આવી તેનું કારણ જણાવવામાં આવ્યું નથી. પરંતુ પાર્ટીના આ નિર્ણય પાછળ અનુશાસનહીનતા અને પાર્ટી લાઈન હેઠળ કામ ન કરવું હોઈ શકે છે. રાજકીય વર્તુળોમાં તે પ્રકારની ચર્ચા ચાલી રહી છે કે રાઘવ ચઢ્ઢા આમ આદમી પાર્ટીની લાઈનથી અલગ વાત કરતા હતા. એટલું જ નહીં તાજેતરમાં જ્યારે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયાને શરાબ કાંડ મામલામાં રાઉઝ એવેન્યુ કોર્ટમાંથી નિર્દોષ જાહેર કરાયા તો રાઘવ ચઢ્ઢા તરફથી આ મુદ્દે કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નહીં.

### SIRમાં મતદાર યાદીમાંથી નામ કપાઈ જતાં હોબાળો

# બંગાળમાં સાત અધિકારીઓને ૮ કલાક ઘેર્યા, હાઈવે પર ચક્કાજામ

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળમાં ૨૩ અને ૨૯ એપ્રિલે યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા વાતાવરણ તંગ બન્યું છે. માલદા જિલ્લાના કાલિયાચક વિસ્તારમાં મતદાર યાદીના મુદ્દે ગ્રામીણોનો રોષ ફાટી નીકળ્યો હતો. ઉશ્કેરાયેલા ટોળાએ બુધવારે સાંજે સાત ન્યાયિક અધિકારીઓને આઠ કલાક સુધી એક કચેરીમાં ઘેરી રાખી બંધક બનાવ્યા હતા. ચૂંટણી પંચ દ્વારા ચલાવવામાં આવતા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) અભિયાન હેઠળ અધિકારીઓ મતદાર યાદીની તપાસ માટે પહોંચ્યા હતા. જ્યારે અધિકારીઓ સાંજે ૪ વાગ્યે ઑફિસથી નીકળવા લાગ્યા, ત્યારે મોટી સંખ્યામાં ગ્રામીણોએ ગેટ પાસે ધરણા પ્રદર્શન શરૂ કર્યું.

ગ્રામીણોનો આરોપ છે કે વિસ્તારના ૧ લાખથી વધુ મતદારોના નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. દસ્તાવેજો આપવા છતાં પણ અન્યાય થયો હોવાનું લોકોનું કહેવું છે. મોડી રાત્રે પોલીસે અધિકારીઓને છોડાવ્યા ત્યારે ટોળાએ પોલીસ વાહન પર પથ્થરમારો કર્યો હતો. સદનસીબે કોઈ ઈજા થઈ નથી. વિરોધ એટલો ઉગ્ર હતો કે પ્રદર્શનકારીઓએ NH-12ને અનેક જગ્યાએ જામ કરી દીધો હતો. રસ્તા પર વાંસ, તૂટેલા કાચ અને ફર્નિચર મૂકીને ટાયરો સળગાવવામાં આવ્યા હતા. સ્થિતિ એવી હતી કે કેટલાક લોકો રસ્તા પર જ ખાવાનું બનાવતા જોવા મળ્યા હતા. સુજાપુરથી શરૂ થયેલો આ વિરોધ જલાલપુર અને મોથાબારી સુધી ફેલાઈ ગયો હતો.

સ્થાનિકોનો દાવો છે કે, સુપ્રીમ કોર્ટે રાજ્યમાં ૧૯ ટ્રિબ્યુનલ સ્થાપવા નિર્દેશ આપ્યો હતો. જેથી લોકો પોતાની અપીલ કરી શકે, પરંતુ હજુ સુધી આ ટ્રિબ્યુનલ શરૂ થયા નથી. ન્યાય ન મળતાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે. મુખ્ય ચૂંટણી અધિકારી મનોજ અગ્રવાલે જિલ્લા વહીવટીતંત્ર પાસે આ અંગે તાકીદનો રિપોર્ટ માંગ્યો છે. તૃણમૂલ કોંગ્રેસે આ મામલે ચૂંટણી પંચને જવાબદાર ગણાવ્યું છે, જ્યારે ભાજપે રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોવાનો આક્ષેપ કર્યો છે.

### શાહેદ ડ્રોનની સ્માર્ટનેસ આગળ F-15 ફેઈલ

# અમેરિકાનું F-15 ફાઈટર જેટ અને ઈરાનના શાહેદ ડ્રોન વચ્ચે હવાઈ યુદ્ધ

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

મધ્ય પૂર્વ યુદ્ધ વચ્ચે ઉત્તરી ઈરાકના આકાશમાં એર વોરફેરનો એક થ્રીલર વીડિયો સામે આવ્યો છે. અહીં અમેરિકન વાયુસેનાનું અત્યાધુનિક F-15 ફાઈટર જેટ એક ઈરાની શાહેદ ડ્રોનનો પીછો કરી રહ્યું છે. યુદ્ધના તણાવ વચ્ચે આ બંને વિનાશક હથિયારોની ડોગફાઈટ યુદ્ધના થ્રિલનો અહેસાસ કરાવે છે.

વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે F-15નો પાયલટ વારંવાર ટર્ન લે છે, આકાશમાં કલાબાજીઓ કરે છે અને નીચે ઉતરીને ડ્રોનને વિઝ્યુઅલી ટ્રેક કરવાનો પ્રયાસ કરે છે. પરંતુ આ યુદ્ધમાં શાહેદ ડ્રોને ગજબની સ્માર્ટનેસ બતાવી છે. શાહેદ ડ્રોન વારંવાર F-15ના પાયલટને થાપ આપે છે અને ઘણું નીચે આવી જાય છે. F-15થી બચવા માટે તે પોતાની સ્પીડ પણ ઘટાડી દે છે.

આખરે ૮૦ મિલિયન ડોલરનું અમેરિકન ફાઈટર જેટ આ શાહેદ ડ્રોનને કેમ ધ્વસ્ત કરી શકતું નથી અને F-15 વારંવાર ઓવરશૂટ કરી જાય છે. આ દ્રશ્ય કંઈક એવું જ છે જાણે કોઈ ફોર્મ્યુલા-૧ કાર એક નાનકડી માખીને પકડવાનો પ્રયાસ કરી રહી હોય. આખરે F-15ના પાયલટે સુરક્ષિત ઊંચાઈથી પણ નીચે આવવું પડ્યું, તેમ છતાં ડ્રોન બચીને નીકળ્યું હતું. જમીન પર આ વીડિયો શૂટ કરનાર વ્યક્તિના હાથ પણ ધ્રૂજી રહ્યા છે, કારણ કે તેને વિમાનની સ્પીડ સાથે પોતાનો કેમેરો મેચ કરવાનો હતો. આ પીછો પૂરો થયો ત્યાં સુધીમાં ડ્રોને પોતાનું કામ કરી દીધું હતું. ડ્રોને સફળતાપૂર્વક હુમલો કરી એરબિલ પાસે આવેલી કાસ્ટ્રોલ ઓઈલ ફેસિલિટી પર બ્લાસ્ટ કર્યો હતો. ધડાકા બાદ ત્યાં ધુમાડાના કાળા ગોટેગોટા જોવા મળ્યા હતા. F-15 હજુ પણ આકાશમાં ચક્કર લગાવી રહ્યું હતું, પણ ત્યાં સુધીમાં મોડું થઈ ગયું હતું. આ ઘટના આધુનિક યુદ્ધનું નવું સ્વરૂપ ઉજાગર કરે છે. મોંઘા ફાઈટર જેટ્સ હાઈ-સ્પીડ ડોગફાઈટ માટે બનેલા છે, પરંતુ ૨૦ થી ૫૦ હજાર ડોલરના સસ્તા અને નીચી ઊંચાઈએ ઉડતા શાહેદ ડ્રોન તેમના માટે મોટો પડકાર બની ગયા છે. નિષ્ણાતોનું કહેવું છે કે આ અસમપ્રમાણ યુદ્ધનું ઉદાહરણ છે, જ્યાં સસ્તી ટેકનોલોજી મોંઘી એર પાવરને ટક્કર આપી રહી છે.

ઈરાનનું શાહેદ-૧૩૬ ડ્રોન ઈઝરાયલ અને અમેરિકા વિરુદ્ધ જંગમાં એક સસ્તું પણ ઘાતક હથિયાર સાબિત થયું છે. તે એક વન-વે એટેક ડ્રોન છે, જે લક્ષ્ય પર જઈને પોતે વિસ્ફોટ કરી દે છે. તે ડેલ્ટા-વિંગ ડિઝાઈન ધરાવે છે, જેમાં પાછળના ભાગે પુશર પ્રોપેલર અને MD-550 પિસ્ટન એન્જિન હોય છે. GPS અને ઈનર્શિયલ નેવિગેશનથી સજ્જ આ ડ્રોન નીચી ઊંચાઈએ ઉડીને રડારને ચકમો આપી શકે છે. ઈરાને ૨૦૨૧માં તેને સાર્વજનિક કર્યું હતું. રશિયાને આ ડ્રોન Geran-2 નામે સપ્લાય કરવામાં આવ્યા છે, જેનો યુક્રેન યુદ્ધમાં મોટા પાયે ઉપયોગ થઈ રહ્યો છે.

### ભારત પરત ફરતા લોકોની સંખ્યામાં પણ વધારો

# અરબ દેશોમાં ૯૦ લાખ ભારતીયોની નોકરી પર સંકટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વધુ સારા પગાર અને ઉજ્જવળ ભવિષ્યની આશાએ અરબ દેશોમાં ગયેલા લાખો ભારતીયો માટે ૨૦૨૬નું વર્ષ મુશ્કેલ સાબિત થઈ રહ્યું છે. અમરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે સતત ચાલતા યુદ્ધ અને મધ્ય પૂર્વમાં વધતા તણાવને કારણે ખાડી દેશોની અર્થવ્યવસ્થા પણ પ્રભાવિત થઈ છે. જેના કારણે અંદાજે ૮૦ થી ૯૦ લાખ ભારતીય પ્રવાસીઓ પર નોકરી ગુમાવવાનું જોખમ તોળાઈ રહ્યું છે, જેના કારણે ભારત પરત ફરતા લોકોની સંખ્યામાં પણ વધારો જોવા મળી રહ્યો છે.

ખાડી દેશોમાં ભારતીયોની સ્થિતિ અને પડકારો - ખાડી દેશો એટલે કે યુનાઈટેડ આરબ અમિરાત (UAE), સાઉદી અરેબિયા, કતાર, કુવૈત, ઓમાન અને બહેરીન જેવા દેશો ભારતીય કામદારો માટે રોજગારનું સૌથી મોટું કેન્દ્ર છે. પરંતુ વર્તમાન ભૌગોલિક અને રાજકીય પરિસ્થિતિએ આ લાખો લોકોના જીવનમાં અનિશ્ચિતતા લાવી દીધી છે. એક અંદાજ મુજબ, ખાડી દેશોમાં હાલમાં ૮૦ થી ૯૦ લાખ ભારતીયો વસે છે. આ વિશ્વના કોઈ પણ એક ક્ષેત્રમાં ભારતીય પ્રવાસીઓની સૌથી મોટી સંખ્યા છે. આમાં મજૂર, ડ્રાઈવર અને ટેકનિશિયનથી લઈને ડોક્ટર, એન્જિનિયર અને મેનેજર જેવા ઉચ્ચ હોદ્દા પર કામ કરતા લોકોનો પણ સમાવેશ થાય છે.

કયા સેક્ટરમાં સૌથી વધુ ભારતીયો? - ખાડી દેશોમાં ભારતીયોની વસ્તી વિવિધ ક્ષેત્રોમાં વહેંચાયેલી છે, પરંતુ સૌથી વધુ સંખ્યા બાંધકામ સેક્ટરમાં છે. યુદ્ધના લીધે અનેક બાંધકામ પ્રોજેક્ટ્સ અટવાને લીધે હાલ આ ક્ષેત્રના લાખો ભારતીયો સામે મોટી છટણી થવાનું જોખમ છે. આ ઉપરાંત ઓઈલ અને ગેસની કિંમતોની અસ્થિરતાને લીધે આ ક્ષેત્રમાં કામ કરતા ભારતીયો પણ કોસ્ટ કટિંગના જોખમનું સામનો કરી રહ્યા છે. તેમજ હોટેલ અને રેસ્ટોરેન્ટ, IT અને મેનેજમેન્ટ જેવી ફિલ્ડમાં પણ ભારતીય પ્રોફેનલ્સની નોકરીઓ પર જોખમ તોળાઈ રહ્યું છે.

કયા રાજ્યના લોકો સૌથી વધુ પ્રભાવિત? - રિપોર્ટ મુજબ, ભારતના કેરળ, ઉત્તર પ્રદેશ, બિહાર, તેલંગાણા, આંધ્ર પ્રદેશ, તમિલનાડુ અને પંજાબના લોકો સૌથી વધુ સંખ્યામાં ખાડી દેશોમાં જાય છે. બિહાર અને યુપીના લોકો ખાસ કરીને બાંધકામ ક્ષેત્રમાં મોટી સંખ્યામાં છે, જેઓ અત્યારે સૌથી વધુ મુશ્કેલીમાં છે. આ દેશોમાં સૌથી વધુ ભારતીયો હોવાના કારણ વિશે વાત કરીએ તો, ખાડી દેશોમાં રોજગારીની સારી તકો હોય છે, ભારતીય નાણાં અને ખાડી દેશના નાણાંના વિનિમય દરમાં મોટું તફાવત, UAE જેવા દેશોમાં ટેક્સ ફ્રી આવક જેવી બાબતોને ધ્યાનમાં લઈને ભારતીયો આ દેશો તરફ વધુ આકર્ષિત થાય છે.

નોકરીઓ પર સંકટ કેમ? - અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના યુદ્ધને કારણે મધ્ય પૂર્વમાં તણાવ ચરમસીમા પર છે. જેના કારણે ઘણી કંપનીઓએ નવા પ્રોજેક્ટ્સ લોન્ચ કરવાનું માંડી વાળ્યું છે.

બીજી બાજુ, જે બાંધકામ પહેલાથી ચાલુ છે તેમને ભંડોળના અભાવે અથવા સુરક્ષાના કારણોસર રોકી દેવામાં આવ્યા છે. આ સ્થિતિનો તકની લઈને ઘણી કંપનીઓ કોસ્ટ કટિંગના નામે જૂના કર્મચારીઓને છૂટા કરી રહી છે. આ ઉપરાંત રેસ્ટોરન્ટ અને પ્રવાસન ઉદ્યોગમાં પણ હાલ મંદી હોવાને લીધે આ ક્ષેત્રમાં પણ હાલ અનેક અનિશ્ચિતતાઓ છે.

### કાશ્મીરમાં ભારત ૧૨૦ વર્ષ જૂનો પાવર પ્રોજેક્ટ ફરી શરૂ કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

જમ્મુ-કાશ્મીર સરકારે એક ઐતિહાસિક નિર્ણય લેતાં ૧૨૦ વર્ષ જૂના મોહરા પાવર પ્રોજેક્ટને ફરીથી કાર્યરત કરવાની જાહેરાત કરી છે. એપ્રિલ ૨૦૨૫માં પહેલગામ આતંકી હુમલા બાદ ભારતે પાકિસ્તાન સાથેની સિંધુ જળ સંધિ સ્થગિત કરી દીધી હતી. જેના પગલે હવે કાશ્મીરમાં પડતર રહેલા હાઈડ્રો પ્રોજેક્ટ્સ પર કામ શરૂ કરવામાં આવ્યું છે. જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ વિધાનસભામાં જણાવ્યું કે, ૧૯૯૦ના દાયકાથી બંધ પડેલા ૧.૫ મેગાવોટ ક્ષમતાના આ પ્લાન્ટને ફરી શરૂ કરવા માટે ટેન્ડર પ્રક્રિયા મંજૂર કરવામાં આવી છે. આ પ્રોજેક્ટનું નવીનીકરણ અને આધુનિકીકરણ જમ્મુ-કાશ્મીર સ્ટેટ પાવર ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા કરવામાં આવશે. બારામુલા જિલ્લાના ઉરી સેક્ટરમાં જેલમ નદીના કિનારે આવેલો આ પ્રોજેક્ટ ભારતનો સૌથી જૂનું હાઈડ્રો પાવર સ્ટેશન છે. જેની સ્થાપનાઃ ૧૯૦૫માં થઈ હતી. આ પ્રોજેક્ટની સૌથી મોટી ખાસિયત ૧૦ કિલોમીટર લાંબી લાકડાની નહેર છે. જે પહાડોના કિનારે બનાવવામાં આવી હતી. તે સમયે ઓછા ખર્ચે પાણીને રામપુરથી મોહરા સુધી પહોંચાડવાનો આ એક અદ્ભુત કીમિયો હતો. તે સમયે આ પ્લાન્ટ માટે ખાસ ટર્બાઈન ચેકોસ્લોવાકિયાથી મંગાવવામાં આવ્યા હતા.




## તંત્રી લેખ......

### પરસ્પર નિર્ભર ભારત અને ગલ્ફ દેશો

મે ૧૯૮૧ માં, ભારતના વડા પ્રધાન ઈન્દિરા ગાંધીએ સંયુક્ત આરબ અમીરાતના તત્કાલીન રાષ્ટ્રપતિ શેખ ઝાયેદ બિન મોહમ્મદના આમંત્રણ પર આ ગલ્ફ દેશની મુલાકાત લીધી હતી. લગભગ ૪૫ વર્ષ પહેલાં થયેલી આ બેઠકમાં, બંને નેતાઓ સંમત થયા હતા કે ગલ્ફ ક્ષેત્ર અને ભારતની સુરક્ષા અને સુખાકારી એકબીજા સાથે જોડાયેલી છે. સમય જતાં, બંને પ્રદેશોની સુરક્ષા અને એકંદર સુખાકારી એકબીજા પર આધારિત છે તેવી માન્યતા વધુ મજબૂત બની છે. જ્યારે ઈરાન યુદ્ધે સમગ્ર પ્રાદેશિક પરિદૃશ્ય બદલી નાખ્યું છે, ત્યારે આ દૃષ્ટિકોણ વધુ સુસંગત બન્યો છે. અરબી દ્વીપકલ્પ છ મુખ્ય દેશોનું ઘર છેઃ સાઉદી અરેબિયા, કુવૈત, બહેરીન, કતાર, યુએઈ અને ઓમાન. આ પ્રદેશમાં દક્ષિણ એશિયાઈ દેશોમાંથી મોટી સંખ્યામાં વિદેશીઓ વસે છે. ભારતીયો સૌથી મોટી વસ્તી ધરાવે છે, જેની સંખ્યા ૯ મિલિયનથી ૧૦ મિલિયનની વચ્ચે છે. પાકિસ્તાનીઓ અને બાંગ્લાદેશીઓની સંખ્યા પણ ૫ મિલિયનથી વધુ છે. નેપાળ અને શ્રીલંકાના લાખો લોકો પણ અહીં હાજર છે. આ લોકો આ દેશોની અર્થવ્યવસ્થામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, વ્યાવસાયિક, કારોબારી અને વ્યવસ્થાપક ભૂમિકાઓથી લઈને અર્ધ-કુશળ અને સામાન્ય શ્રમ સુધીની ભૂમિકાઓમાં કામ કરે છે. એવું કહેવું વાજબી રહેશે કે જ્યારે યુરોપિયન વિદેશીઓ પણ ગલ્ફ દેશોમાં રહે છે, ત્યારે તેમનું કામ દક્ષિણ એશિયનો, ખાસ કરીને ભારતીયો વિના શક્ય ન હોત. ભારતીયોની કાર્ય-સંબંધિત કુશળતા અને આત્મવિશ્વાસ તેમને આ દેશોમાં વ્યાપકપણે સ્વીકાર્ય બનાવે છે. ગલ્ફ દેશોને સ્થળાંતર કરનારાઓની એટલી જ જરૂર છે જેટલી તેમને તેમની જરૂર છે, કારણ કે તેઓ તેમના વતન દેશોમાં મોટી રકમ પાછા મોકલે છે. આ નાણાં, જેને રેમિટન્સ કહેવામાં આવે છે, તે આ દેશોની મેક્રોઈકોનોમિક સ્થિરતાને સંતુલિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને તેમને બાહ્ય આંચકાઓથી સુરક્ષિત રાખે છે. આ નાણાં ભારતના ચાલુ ખાતામાં નોંધપાત્ર ફાળો આપે છે, પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં, તે પાકિસ્તાન માટે અસ્તિત્વનો ખતરો ઉભો કરી શકે છે, જે પહેલાથી જ નાજુક અર્થતંત્ર ધરાવે છે. રાજકીય ઉથલપાથલથી પ્રભાવિત બાંગ્લાદેશ માટે પણ રેમિટન્સ વધુને વધુ મહત્વપૂર્ણ બન્યું છે. મેક્રોઈકોનોમિક સ્થિરતા ઉપરાંત, ગલ્ફ દેશોમાં કામ કરતા લોકો દ્વારા મોકલવામાં આવતા રેમિટન્સ તેમના પરિવારો માટે પણ મહત્વપૂર્ણ છે, કારણ કે મોટાભાગના પરિવારોની યોજનાઓ આ રેમિટન્સ પર આધાર રાખે છે. તેમના વિના, તેમના પરિવારોનું ભવિષ્ય જોખમમાં મુકાઈ શકે છે. રેમિટન્સ ઉપરાંત, ગલ્ફ દેશો ભારતની ઊર્જા સુરક્ષા માટે પણ મહત્વપૂર્ણ છે. પાકિસ્તાન અને અન્ય દક્ષિણ એશિયાઈ દેશો માટે તેમનું મહત્વ વધુ છે. આનું કારણ એ છે કે ભારત તેની ક્રૂડ ઓઈલ અને ગેસની જરૂરિયાતોના અડધાથી વધુ આ દેશોમાંથી આયાત કરે છે, પરંતુ તેણે તેની તેલ આયાતને અન્ય સ્રોતો, જેમ કે યુએસ અને યુરોપિયન દેશો તરફ વૈવિધ્યસભર બનાવી છે. આ થોડા વધુ ખર્ચાળ હશે, પરંતુ ઓછામાં ઓછા તે ઉપલબ્ધ રહેશે. હોર્મુઝ સ્ટ્રેટના અવરોધથી દક્ષિણ એશિયાઈ દેશો તેમજ બાકીના વિશ્વની સમસ્યાઓમાં વધારો થયો છે. પાકિસ્તાન માટે સમસ્યા એ છે કે તે સાઉદી અરેબિયા અને યુએઈ પાસેથી ઉધાર પર તેલ મેળવે છે, જે તે અન્ય દેશો પાસેથી મેળવી શકતો નથી. ચુકવણીના કિસ્સામાં આનાથી પહેલાથી જ સંઘર્ષ કરી રહેલા પાકિસ્તાની અર્થતંત્ર પર વધુ ભાર આવશે. ખાતરોના પુરવઠામાં સંભવિત વિક્ષેપથી કૃષિ આધારિત દક્ષિણ એશિયાઈ દેશોની ચિંતાઓ પણ વધી છે. ગલ્ફ દેશો ભારત તેમજ અન્ય દક્ષિણ એશિયાઈ દેશો માટે મહત્વપૂર્ણ છે. ગલ્ફ દેશોમાં ભારતની નિકાસ તેની કુલ નિકાસનો મોટો હિસ્સો ધરાવે છે. ઈરાન યુદ્ધે આને અસર કરી છે. દુબઈ બંદર ઘણા નિકાસ સ્થળો માટે એક ટ્રાન્ઝિટ પોઈન્ટ પણ છે. ગલ્ફ ક્ષેત્ર ભારત સહિત ઘણા દક્ષિણ એશિયાઈ દેશો માટે રોકાણનો એક મહત્વપૂર્ણ સ્રોત પણ છે. ભારતીયો અને અન્ય દક્ષિણ એશિયાઈ લોકોએ પણ ગલ્ફ દેશોમાં ભારે રોકાણ કર્યું છે. આ યુદ્ધે તેમના પર શંકાનો પડછાયો નાખ્યો છે. આ અર્થમાં, બંને પક્ષોના પરસ્પર જોડાયેલા હિતો વિશે દાયકાઓ પહેલા ઈન્દિરા ગાંધી અને શેખ ઝાયેદે જે કહ્યું હતું તે એકદમ સાચું હતું.

આસામમાં રાહુલ ગાંધીએ કર્યો કટાક્ષ

# ભારતે અમેરિકાને ઘણું આપ્યું, બદલામાં આપણને કઈ ન મળ્યું

### આજે જો ભારત રશિયા, ઈરાન કે ઈરાક જેવા દેશો પાસેથી તેલ ખરીદવા માંગતું હોય, તો તેણે ટ્રમ્પ અને અમેરિકા પાસેથી મંજૂરી લેવી પડે છે : કોંગ્રેસ

(સંપૂર્ણ સમાચાર સેવા)દીસપુર

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી ચૂંટણી પ્રચાર માટે આસામ પહોંચ્યા છે. આ દરમિયાન તેમણે કાર્બી આંગલોંગમાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરી હતી. રાહુલ ગાંધીએ ભાજપ પર આકરા પ્રહાર કરતાં કહ્યું હતું કે, આસામ ફૂલોનો એક ગુલદસ્તો છે, જેમાં અલગ-અલગ ધર્મ, જાતિ અને વિચારધારાઓના લોકો સાથે રહે છે. તેમણે કહ્યું કે કોંગ્રેસની વિચારધારા છે કે હિન્દુસ્તાનની જનતાના હાથમાં અસલી તાકાત હોય અને દેશ ચલાવવામાં દરેક વર્ગને ભાગીદારી મળે. બીજી તરફ ભાજપની વિચારધારા છે કે આસામને દિલ્હીથી ચલાવવામાં આવે. રાહુલના મતે, અત્યારે આ જ લડાઈ ચાલી રહી છે.



રાહુલ ગાંધીએ કટાક્ષ કરતાં કહ્યું કે, અમે અનુચ્છેદ 244A એટલા માટે લાગુ કર્યો કારણ કે અમારું માનવું છે કે નિર્ણયો સ્થાનિક સ્તરે લેવાવા જોઈએ. આ નિર્ણયો ગુવાહાટી કે દિલ્હીથી નહીં, પરંતુ અહીં તમારા નેતાઓ અને પરિષદો લે. આ જ અમારી અને તેમની વચ્ચેનો તફાવત છે. તમને લાગે છે કે નિર્ણયોનો સિલસિલો ગુવાહાટીથી શરૂ થાય છે, પરંતુ એવું નથી.

રાહુલ ગાંધીએ સરકાર પર નિશાન સાધતા કહ્યું કે, આજે જો ભારત રશિયા, ઈરાન કે ઈરાક જેવા દેશો પાસેથી તેલ ખરીદવા માંગતું હોય, તો તેણે ડોનાલ્ડ ટ્રમ્પ અને અમેરિકા પાસેથી મંજૂરી લેવી પડે છે. આપણે પૂછ્યા વગર તેલ ખરીદી શકતા નથી. નરેન્દ્ર મોદીએ ભારતનો ડેટા ડોનાલ્ડ ટ્રમ્પને સોંપી દીધો છે. હવે તેઓ પોતાની મરજીથી આ ડેટાનો ઉપયોગ કરી શકે છે અથવા તેને જમા રાખી શકે છે.

તેમણે એમ પણ કહ્યું કે મોદીએ વચન આપ્યું છે કે ભારત દર વર્ષે અમેરિકન કંપનીઓ પાસેથી ૯ લાખ કરોડ રૂપિયાનો સામાન ખરીદશે. આનાથી આપણા નાના વ્યવસાયો અને ઉદ્યોગોને ભારે નુકસાન થશે. ભારતે અમેરિકાને ઘણું આપ્યું છે, પરંતુ બદલામાં આપણને કંઈ મળ્યું નથી.

અહીં ટેક્સ વધી ગયો છે, આપણો ડેટા શેર થઈ ગયો છે અને તેલ ખરીદવાના વિકલ્પો ઘટી ગયા છે. સવાલ એ છે કે આ સોદો કેમ થયો? રાહુલ ગાંધીના જણાવ્યા અનુસાર, આવું એટલા માટે થયું કારણ કે ડોનાલ્ડ ટ્રમ્પ નરેન્દ્ર મોદીને નિયંત્રિત કરે છે.

વિપક્ષ નેતાએ આરોપ લગાવ્યો કે તમારી જમીન છીનવીને અદાણી, અંબાણી અને પતંજલિને આપી દેવામાં આવી છે. હજારો વીઘા જમીન બીજી મોટી કંપનીઓને પણ મળી છે. તમારે એ સમજવું પડશે કે આખરે આવું કેમ થઈ રહ્યું છે. થોડા દિવસો પહેલા નરેન્દ્ર મોદીએ ભારત અને અમેરિકા વચ્ચે એક કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. તમે વિચારતા હશો કે હું અહીં આની વાત કેમ કરી રહ્યો છું. તમારે એ સમજવું પડશે કે દબાણ ક્યાંથી આવી રહ્યું છે. તે કરારમાં ભારતની ખેતી-ખેડૂતોના રસ્તાઓ એવી રીતે ખોલવામાં આવ્યા છે, જેની ખરાબ અસર આપણા ખેડૂતો પર પડી રહી છે.

ભૂતપૂર્વ નિષ્ણાંતો અને વિશેષજ્ઞોની સખત ચેતવણી

# અમેરિકા માટે ઈરાનનું સમૃદ્ધ યુરેનિયમ પડાવી લેવું અત્યંત જોખમી

### પરમાણુ સામગ્રી શોધીને તેના પરિવહનમાં રેડિયેશન તેમજ કેમિકલ સ્રાવનું ગંભીર જોખમ સમાયેલું હોવાનો દાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)વિયેના

ઈરાનમાંથી તેનો પરમાણુ જથ્થો મેળવી લેવા સૈન્યબળો તૈનાત કરવાનો અમેરિકાનો કોઈપણ નિર્ણય એક અત્યંત જોખમી, જટિલ અને લાંબો સમય ચાલનારી કાર્યવાહી સાબિત થઈ શકે છે. ભૂતપૂર્વ અધિકારીઓ અને નિષ્ણાંતોએ ગંભીર કિરણોત્સર્ગ અને કેમિકલ જોખમોની ચેતવણી આપી છે. એક તરફ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વારંવાર ઈરાનને પરમાણુ હથિયાર મેળવવાથી રોકવાની વાત કરી રહ્યા છે ત્યારે આ લક્ષ્યાંક હાંસલ કરવા જરૂરી સૈન્ય સંડોવણી અનિશ્ચિત અને જોખમોથી ભરેલી છે. આથી જ નિષ્ણાંતો સૈન્ય કાર્યવાહીના સ્થાને રાજકીય ઉકેલ લાવવાની સલાહ આપી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય એટમિક એનર્જી એજન્સી (આઈએઈએ) અનુસાર હાલ ઈરાન પાસે ૬૦ ટકા સમૃદ્ધ યુરેનિયમનો ૪૪૦.૯ કિલોગ્રામનો જથ્થો છે. આ સ્તર શસ્ત્રો સ્તરની શુદ્ધતાની નજીક છે અને સંભવિતપણે દસ પરમાણુ બોમ્બનું ઉત્પાદન શક્ય બનાવી શકે છે એવી નોંધ આઈએઈએ ચીફ રાફેલ ગ્રોસીએ કરી છે. જો કે ઈરાન સતત પોતાનો પરમાણુ કાર્યક્રમ શાંતિમય હોવાનો દાવો કરી રહ્યું છે, છતાં પશ્ચિમી રાષ્ટ્રો લાંબા સમયથી તેની અગાઉની શસ્ત્ર સંબંધિત ગતિવિધિથી ચિંતિત રહ્યા છે.ઉપરાંત સમૃદ્ધ યુરેનિયમના ચોક્કસ સ્થળનું ટ્રેકિંગ પણ મુશ્કેલ રહ્યું છે. ૨૦૨૫ના મધ્યથી આઈએઈએ નિરીક્ષકો ઈરાનના માળખાને નબળો કરી દેનારા લશ્કરી હુમલાને કારણે શસ્ત્રોના જથ્થાની ચકાસણી નથી કરી શક્યું. એવું માનવામાં આવે છે કે યુરેનિયમ ઈસફાહાન, નાતાન્ઝ અને ફોર્ડો સુવિધાઓ સહિત બહુવિધ સ્થળોએ સંગ્રહ કરવામાં આવ્યું છે. આ સામગ્રી શોધી કાઢવામાં અમેરિકી ગુપ્તચર એજન્સી આત્મવિશ્વાસ ધરાવતી હોવા છતાં વધારાનો અનામન જથ્થો છુપાયેલો હોવા બાબતે અનિશ્ચિતતા પ્રવર્તે છે.યુરેનિયમ હાંસલ કરવામાં ગંભીર ટેકનીકલ પડકારો ઊભા થશે. સામગ્રી યુરેનિયમ હેક્સાફ્લોરાઈડ ગેસ ધરાવતા મજબૂત કેનિસ્ટરોમાં સંગ્રહ કરવામાં આવતી હોય છે, જેમાં નુકસાન થવાથી અતિશય ઝેરી ફ્લોરાઈન ગેસનો સ્રાવ થઈ શકે. નિષ્ણાંતોએ ચેતવણી આપી છે કે કોઈપણ ક્ષતિ સૈન્યકર્મી માટે કેમિકલ અને રેડિયેશન સામે જોખમ ઊભુ કરી શકે. એના માટે ખાસ હેઝમેટ સુટ અને સંભાળપૂર્વકની જાળવણી જરૂરી હોય છે. આકસ્મિક પરમાણુ રિએક્શન રોકવા કેનિસ્ટરોના સુરક્ષિત પરિવહનમાં પણ પૂરતુ અંતર રાખવું ફરજિયાત છે જેના કારણે સમગ્ર કાર્યવાહી બેહદ નાજુક અને જટિલ બને છે.તમામ જોખમોને નજરમાં રાખીને નિષ્ણાંતોએ દલીલ કરી છે કે ઈરાન સાથે વાટાઘાટ કરીને સમાધાન કરવું એ જ સૌથી સુરક્ષિત અને વ્યવહારુ ઉકેલ છે. અગાઉ ૧૯૯૪માં કઝાખસ્તાનમાં પ્રોજેક્ટ સફાયર જેવી કાર્યવાહીમાં સાબિત થયું હતું કે સહયોગ દ્વારા જ પરમાણુ સામગ્રી સુરક્ષિતપણે હટાવી શકાય છે. વિશેષજ્ઞો માને છે કે શક્ય હોય તો આઈએઈએના નિરીક્ષણ હેઠળ આવા જ પ્રયાસોથી જાનહાનિ અને પર્યાવરણીય જોખમ ટાળી શકાય. જો કે તહેરાન અને વોશિંગ્ટન વચ્ચેનો અવિશ્વાસ કોઈપણ રાજદ્વારી ઉકેલમાં મહત્વનો અવરોધ બની રહેશે.

યુદ્ધને કારણે સરકારે નાબૂદ કરી ઈમ્પોર્ટ ડ્યુટી

# યુદ્ધ વચ્ચે સરકારની મોટી જાહેરાત, ૪૦થી વધુ સામાનો પર ઈમ્પોર્ટ ડ્યૂટી ખતમ

### ૩૦ જૂન સુધી રસાયણ અને ખાતર ઉદ્યોગને મળશે લાભ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મધ્યપૂર્વમાં ચાલી રહેલા જંગને કારણે ઉભા થયેલા વૈશ્વિક સંકટ વચ્ચે કેન્દ્ર સરકારે ખાતર કંપનીઓને મોટી રાહત આપી છે. સરકારે એમોનિયમ નાઈટ્રેડ પર લાગનાર ઈમ્પોર્ટ ડ્યૂટીમાં રાહત આપી છે. સાથે ઘણા પેટ્રોકેમિકલ ઉત્પાદકો પર પણ આયાત શુલ્ક હટાવી દીધું છે. આ છૂટ ૨ એપ્રિલથી ૩૦ જૂન સુધી લાગૂ રહેશે.

સરકારે ખાતર અને રસાયણ ઉદ્યોગને રાહત આપતા ઘણા જરૂરી કાચા માલ પર ઈમ્પોર્ટ ડ્યૂટી શૂન્ય કરી દીધી છે. આ નિર્ણય તેવા સમયે લેવામાં આવ્યો છે, જ્યારે દુનિયાભરમાં જંગ અને સપ્લાય સંકટને કારણે ઉદ્યોગો પર સતત દબાવ વધી રહ્યો છે. નાણા મંત્રાલય તરફથી જારી નોટિફિકેશન પ્રમાણે આશરે ૪૦ પ્રકારના પેટ્રોકેમિકલ કાચા માલ અને મધ્યવર્તી ઉત્પાદનો પર આયાત શુલ્ક ખતમ કરવામાં આવ્યું છે. તેમાં એમોનિયમ નાઈટ્રેટ, મેથનોલ, ફિનોલ, પીવીસી અને પોલીપ્રોપાઈલીન જેવા મહત્વના રસાયણ સામેલ છે. સરકારનું કહેવું છે કે આ પગલું સામાન્ય જનતાના હિતમાં ઉઠાવવામાં આવ્યું છે, જેથી વર્તમાન વૈશ્વિક સંકટ વચ્ચે ઉદ્યોગોનો રાહત મળી શકે. સરકારના આ નિર્ણયથી કાસ કરી ખાતર કંપનીઓને મોટી રાહત મળવાની આશા છે. એમોનિયમ નાઈટ્રેટ જેવા રસાયણ ખાતર બનાવવા માટે જરૂરી હોય છે. તેનાથી ઉત્પાદન ખર્ચ ઓછો થશે અને આપૂર્તિ વ્યવસ્થા પર દબાવ પણ ઘટશે.

એમોનિયમ નાઈટ્રેટ પર લાદવામાં આવતો કૃષિ માળખાગત સુવિધા અને વિકાસ ઉપકર પણ દૂર કરવામાં આવ્યો છે, જે ખાતર ક્ષેત્રને વધારાનો લાભ આપશે. કુલ મળી સરકારનું આ પગલું ઉદ્યોગો માટે ખર્ચ ઘટાડનાર મોટું રાહત પેકેજ માનવામાં આવી રહ્યું છે. આ નિર્ણયથી ઉદ્યોગો માટે કાચો માલ સસ્તો થઈ જશે.

# બીજા દેશ પણ થોડી હિંમત દેખાડે, જાતે જઈ સ્ટ્રેટ ઓફ હોર્મુઝની રક્ષા કરેઃ ડોનાલ્ડ ટ્રમ્પનું સંબોધન

### આ સંબોધનમાં ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે ઈરાનને પરમાણુ શક્તિ નહીં બનવા દેવામાં આવે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

ડોનાલ્ડ ટ્રમ્પે આજે ઈરાન યુદ્ધ મામલે સંબોધન કર્યું હતું જેમાં તેણે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ, તેલ અને યુદ્ધની આગળની નીતિ અંગે ચર્ચા કરી હતી. ડોનાલ્ડ ટ્રમ્પનું સંબોધન ૨૦ મિનિટનું હતું જેમાં તેમણે એ વાત સ્પષ્ટ કરી દીધી હતી કે ઈરાન શીપિંગ માટે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ફરીથી નહીં ખોલે તો તેના પરમાણુ સંયંત્રો ઉપર હુમલો કરવામાં આવશે.

ભારતીય સમય અનુસાર સવારે ૬:૩૦ કલાકે ડોનાલ્ડ ટ્રમ્પ એ દેશને સંબોધિત કર્યું હતું. એક મહિનાથી વધુ સમયથી ઈરાન પર અમેરિકા અને ઈઝરાઈલ સંયુક્ત હુમલા કરી રહ્યું છે. ત્યારે આજે કરેલા સંબોધનમાં ડોનાલ્ડ ટ્રમ્પે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ અંગે સ્પષ્ટ વાત કરી દીધી હતી. તેમણે કહ્યું હતું કે સ્ટ્રેટ ઓફ હોર્મુઝથી અમેરિકા કોઈ જ તેલ નથી લેતું. અમેરિકાને જરૂર પણ નથી પરંતુ જે દેશ હોર્મુઝથી તેલ ખરીદે છે તેઓ થોડી હિંમત દેખાડે અને જાતે જઈને હોર્મુઝની રક્ષા કરે.

ડોનાલ્ડ ટ્રમ્પ એ દેશને સંબોધિત કરતા કહ્યું હતું કે ઈરાન એ ખોટું કામ કર્યું છે તેથી તેને સજા મળી રહી છે. ટ્રમ્પ એ એવું પણ કહ્યું કે ઈઝરાયેલ સાથે જે ઓપરેશન એપીક ફયુરી શરૂ કરવામાં આવ્યું તે યોગ્ય દિશામાં આગળ વધી રહ્યું છે. ટ્રમ્પ એ આવનારા દિવસો અંગે પણ ભવિષ્યવાણી કરી હતી અને કહ્યું હતું કે આગામી બે થી ત્રણ અઠવાડિયામાં ઈરાન પર તીવ્ર હુમલા કરવામાં આવશે.

પોતાના સંબોધનમાં ડોનાલ્ડ ટ્રમ્પ એ એ વાત ભાર મૂકીને કહી દીધી હતી કે ઈરાન સાથે કોઈ જ ડીલ થવાની નથી અને અમેરિકા ઈરાનને કોઈપણ કિંમતે પરમાણુ શક્તિ બનવા નહીં દે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આજના સંબોધન પરથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ છે કે આગામી બે થી ત્રણ અઠવાડિયા સુધી યુદ્ધ ચાલી શકે છે.

ઉલ્લેખનીય છે કે ઈરાન ઈઝરાઈલ અમેરિકા યુદ્ધની અસર ભારત પર દેખાવા લાગી છે. એલપીજી સપ્લાયથી લઈને પેટ્રોલ, ડીઝલના ભાવમાં પણ વધારો થઈ રહ્યો છે. દેશના કેટલાક મહત્વપૂર્ણ ઉદ્યોગોમાં પણ તેની અસર દેખાવા લાગી છે. મોંઘવારી ભારતમાં પણ વધી રહી છે. આજના સંબોધનમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એવું પણ કહી દીધું છે કે પડદા પાછળ વાતચીત ચાલી રહી છે તેમ છતાં આગામી બે થી ત્રણ અઠવાડિયામાં ઈરાન પર જોરદાર હુમલા થવા જઈ રહ્યા છે. જરૂર પડશે તો અમેરિકા ઈરાનના તેલ ઠેકાણા પર પણ હુમલો કરી દેશે. ડોનાલ્ડ ટ્રમ્પે એ વાતનો પણ ઉલ્લેખ કર્યો હતો કે અમેરિકા પાસે દુનિયાની સૌથી મજબૂત સેના છે અને છેલ્લા ચાર અઠવાડિયાથી તેમની સેના યુદ્ધના મેદાનમાં નિર્ણાયક અને જબરદસ્ત જીત મેળવી રહી છે.

ભારતીય સૈન્ય પર ભ્રષ્ટાચારનો આરોપ

# લેફ્ટ. કર્નલની અરજી પર દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર, CBI અને કેગ પાસે જવાબ માગ્યો

### આગામી સુનાવણી ૧૯ મે, ૨૦૨૬ ના રોજ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય સેનામાં ખરીદી પ્રક્રિયામાં થયેલી ગંભીર નાણાકીય અનિયમિતતાઓને લઈને દિલ્હી હાઈકોર્ટે કડક વલણ અપનાવ્યું છે. લેફ્ટનન્ટ કર્નલ સુમિત શ્યોરાણ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરતા જસ્ટિસ પ્રતીક જલાનની બેન્ચે કેન્દ્ર સરકાર, CBI અને CAG ને નોટિસ ફટકારી ૪ અઠવાડિયામાં જવાબ માંગ્યો છે. આ કેસની આગામી સુનાવણી ૧૯ મે, ૨૦૨૬ ના રોજ નક્કી કરવામાં આવી છે. લેફ્ટનન્ટ કર્નલ સુમિત શ્યોરાણના જણાવ્યા મુજબ, નવી દિલ્હીમાં તેમની નિમણૂક દરમિયાન તેમણે ACG હેઠળની ખરીદી પ્રક્રિયામાં ભારે ભ્રષ્ટાચાર પકડ્યો હતો. સરકારી નાણાંથી ખરીદાયેલા સામાનને અધિકારીઓના મેસનો સામાન ગણાવીને રજૂ કરવામાં આવ્યો હતો.

તપાસ અને દેખરેખથી બચવા માટે મોટા ઓર્ડરને નાના-નાના ભાગોમાં વહેંચી દેવામાં આવ્યા હતા જેથી ખરીદીની મર્યાદાનું ઉલ્લંઘન ન દેખાય. સરકારી મિલકતનો દુરુપયોગ કરવા માટે ખોટા દસ્તાવેજો તૈયાર કરવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

રેલવેએ આપી મોટી રાહત

# હવે છેલ્લી ઘડીએ પણ બદલી શકાશે બોર્ડિંગ પોઈન્ટ

### આ સુવિધા ફક્ત કન્ફર્મ્ડ અને RAC ટિકિટો પર જ લાગુ પડે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રેલવે મુસાફરોને રાહત આપતા એક સારા સમાચાર છે. હવે તમે તમારી ટ્રેન ઉપડવાના સમય પહેલાં જ તમારા પ્રવાસના આયોજનમાં ફેરફાર કરી શકો છો. આ સુવિધા માટે ભારતીય રેલવેએ ૧ એપ્રિલ, ૨૦૨૬થી અમલમાં આવતા બોર્ડિંગ પોઈન્ટ બદલવાના નિયમોને સરળ બનાવ્યા છે. જેનો સીધો લાભ લાખો મુસાફરોને થશે. મુસાફરો હવે ટ્રેનના નિર્ધારિત પ્રસ્થાનના માત્ર ૩૦ મિનિટ પહેલાં સુધી તેમની ટ્રેનનું બોર્ડિંગ સ્ટેશન બદલી શકે છે. પહેલાં આ સમય મર્યાદા નોંધપાત્ર રીતે લાંબી હતી. જેના કારણે ઘણીવાર મુસાફરોને અસુવિધા થતી હતી. તમે IRCTC વેબસાઈટ અથવા એપ્લિકેશન દ્વારા અથવા રેલવે રિઝર્વેશન કાઉન્ટર દ્વારા સરળતાથી આ સુવિધાનો લાભ લઈ શકો છો. નવું બોર્ડિંગ પોઈન્ટ હવે બીજા રિઝર્વેશન ચાર્ટમાં અપડેટ કરવામાં આવશે. આનો અર્થ એ છે કે ટ્રેન પ્રસ્થાન પહેલાં તરત જ ફેરફારો શક્ય બનશે. આ એવા મુસાફરો માટે ફાયદાકારક સાબિત થશે જેના પ્લાનમાં અચાનક છેલ્લી ઘડીએ ફેરફાર થાય છે. આ સુવિધા ફક્ત કન્ફર્મ્ડ અથવા RAC (રિઝર્વેશન અગેન્સ્ટ કેન્સલેશન) ટિકિટ ધરાવતા મુસાફરો માટે જ ઉપલબ્ધ છે. તે વેઈટિંગ લિસ્ટ ટિકિટ પર લાગુ પડતી નથી. એક મુખ્ય શરત એ છે કે બોર્ડિંગ પોઈન્ટ ફક્ત એક જ વાર બદલી શકાય છે. વધુમાં આ વિનંતી બીજા રિઝર્વેશન ચાર્ટ તૈયાર થાય તે પહેલાં સબમિટ કરવી જરૂરી છે. હવે, જો કોઈ મુસાફર પ્રસ્થાનના ૨૪ થી ૭૨ કલાક પહેલાં ટિકિટ કેન્સલ કરે છે, તો તેને ભાડાની રકમનો ૨૫% રકમ ગુમાવવી પડશે. જો પ્રસ્થાનના ૮ થી ૨૪ કલાક પહેલાં ટિકિટ કેન્સલ કરવામાં આવે છે, તો ભાડાના ૫૦% કાપવામાં આવશે. છેલ્લે જો ટ્રેનના નિર્ધારિત પ્રસ્થાનના ૮ કલાકની અંદર ટિકિટ કેન્સલ કરવામાં આવે છે, તો મુસાફરને કોઈ રિફંડ મળશે નહીં. બીજા શબ્દોમાં કહીએ તો, તમે કેન્સલકરવામાં જેટલો વધુ વિલંબ કરશો, તેટલું વધુ નુકસાન થશે.

**બોર્ડિંગ પોઈન્ટ કેવી રીતે બદલવો**

IRCTCમાં લોગ ઈન કરો, "માય બુકિંગ" પર જાઓ, તમારી ટિકિટ પસંદ કરો, "બોર્ડિંગ પોઈન્ટ ચેન્જ" પર ક્લિક કરો, નવું સ્ટેશન પસંદ કરો અને કન્ફર્મ કરો.

રેલવેનો આ નવો નિયમ મુસાફરોને વધુ ફ્લેક્સિબિસિટી અને સુવિધા આપે છે. જો કે, ટિકિટ કેન્સલ કરવાના ચાર્જમાં કડકતા સાથે તમારે તમારી મુસાફરીનું પણ સમજદારીપૂર્વક આયોજન કરવું જોઈએ. જ્યારે તમારી પાસે હવે તમારી ટ્રેન પકડવા અંગે થોડી વધુ સ્વતંત્રતા છે, ત્યારે ટિકિટ રદ કરતી વખતે સાવધાની રાખવી જરૂરી છે.

# ચીનના વુહાનમાં બાઈદુની સૌથી વધારે રોબોટેક્સીઓ રસ્તા વચ્ચે બંધ પડી ગઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)બિજિંગ

ચીનના વુહાન શહેરમાં ભરચક ટ્રાફિકમાં રસ્તાની વચ્ચોવચ્ચ બાઈદુ કંપની સંચાલિત સોથી વધારે રોબોટેક્સીઓ બગડી જઈ અટકી જતાં ઘણાં પેસેન્જર્સ આ ટેક્સીઓમાં જ ફસાઈ ગયા હતા. ચીનની પોલીસે નિવેદન બહાર પાડી જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસ અનુસાર સિસ્ટમ માલફંકશનને કારણે સોથી વધારે રોબોટેક્સીઓ વુહાન શહેરમાં દોડતી અટકી ગઈ હતી. ચીનમાં આવું પહેલીવાર જ બન્યું છે પણ સાનફ્રાન્સિસ્કોમાં ડિસેમ્બરમાં વીજ જતાં વાયમોની સ્વચાલિત ટેક્સીઓ અટકી ગઈ હતી. વુહાનમાં ટેક્સીઓનું સંચાલન ચીની ઈન્ટરનેટ અને એઆઈ કંપની બેઈદુ દ્વારા કરવામાં આવે છે. બાઈદુ દ્વારા તેનો એપોલો ગો રોબોટેક્સી બિઝનેસ યુરોપ અને મધ્યપૂર્વના દેશોમાં પણ વિસ્તારવામાં આવી રહ્યો છે. આ ઘટના બાબતે બાઈદુ કંપનીએ કોઈ ટિપ્પણી કરી નથી. પોલીસે જણાવ્યું હતું કે રાત્રે નવ વાગ્યાના સુમારે ટેક્સીઓ અચાનક બંધ પડવા માંડી હતી. આ ટેક્સીઓમાં ફસાયેલાં ઘણાં પ્રવાસીઓને બચાવી લેવામાં આવ્યા હતા. થોડાં પ્રવાસીઓ જાતે ટેક્સીઓમાંથી બહાર આવી શક્યા હતા. જ્યારે રિંગ રોડ પર વચ્ચેની લેનમાં ફસાઈ ગયેલાં પ્રવાસીઓને બહાર આવવામાં તકલીફ પડી હતી. રિંગ રોડમાં વચ્ચેની લેનની બંને તરફ પૂરઝડપે વાહનો પસાર થતાં હોઈ પ્રવાસીઓ આ બંધ પડેલી રોબોટેક્સીની બહાર નીકળતાં ગભરાયા હતા. ચીનમાં રિંગ રોડ પર વાહનો પૂરઝડપે પસાર થઈ શકે તે માટે તેની પર ટ્રાફિક લાઈટ્સ હોતી નથી. એક પ્રવાસીએ જણાવ્યું હતું કે તેની રોબોટેક્સી એક રોડના વળાંક પર બંધ પડી ગઈ હતી. તેની સ્ક્રિન પર સૂચના ઝબકવા માંડી હતી કે ડ્રાઈવિંગ સિસ્ટમ બગડી ગઈ છે. બચાવ કર્મચારીઓ પાંચ મિનિટમાં આવી પહોંચશે. પણ અડધાં કલાકે પણ કોઈ ન ફરકતાં પ્રવાસીએ એસઓએસ બટન દબાવ્યું હતું. તો તેમાં પણ એમ જણાવાયું કે સ્ટાફ રસ્તામાં જ છે. પ્રવાસીના સદનસીબે કારનો દરવાજો ખૂલી શકતો હતો એટલે પ્રવાસીએ જાતે દરવાજો ખોલી બહાર આવી જવાનું મુનાસિબ માન્યું હતું.

ચીનમાં બાઈદુ કંપની ૧૦૦૦ કરતાં વધારે રોબોટેક્સીઓનું સંચાલન કરે છે. બાઈદુએ આ વર્ષે અબુધાબી અને દુબઈમાં પણ તેની સર્વિસ શરૂ કરી હતી. બ્રિટન અને સ્વિત્ઝર્લેન્ડમાં રોબોટેક્સી શરૂ કરવા બાઈદુ પાર્ટનર્સ સાથે કામ કરી રહી છે.

ગરવી ગુજરાત





- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૪૫૦૩ અને ચાંદીના વાયદામાં રૂ.૧૫૭૮૪નો કડાકોઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૧૦૧૧નો ઉછાળો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૧૦૮૧.૭૧ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૧૪૫૪૭.૬૪ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૯૭૭૯.૦૬ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૫૬૭૯ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૫૫૬૨૯.૯૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૧૦૮૧.૭૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૧૪૫૪૭.૬૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૫૬૭૯ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૫૮૦.૪૯ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૯૭૭૯.૦૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૬૮૩૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૯૬૯૯ અને નીચામાં રૂ.૧૪૫૬૦૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૦૧૦૪ના આગલા બંધ સામે રૂ.૪૫૦૩ ઘટી રૂ.૧૪૫૬૦૧ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૧૩૯ ઘટી રૂ.૧૧૮૨૫૦ થયો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૫૧૭ ઘટી રૂ.૧૪૮૦૯ થયો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫૮૮ ઘટી રૂ.૧૪૫૨૩૮ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૧૨૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૧૨૦૦ અને નીચામાં રૂ.૧૪૬૦૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૫૨૪૪૩ના આગલા બંધ સામે રૂ.૫૦૨૨ ઘટી રૂ.૧૪૭૪૨૧ થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૪૨૮૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૪૨૮૦૦ અને નીચામાં રૂ.૨૨૪૫૦૦ના મથાળે અથડાઈ, રૂ.૨૪૩૫૦૧ના આગલા બંધ સામે રૂ.૧૫૭૮૪ ઘટી રૂ.૨૨૭૭૧૭ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૧૫૧૫૭ ઘટી રૂ.૨૩૧૨૮૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૧૫૨૦૧ ઘટી રૂ.૨૩૧૩૪૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૩૩૬.૯૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.૨૦.૦૫ ઘટી રૂ.૧૧૪૯.૧૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.૪.૨૫ ઘટી રૂ.૩૨૧.૧૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો રૂ.૪.૮૫ ઘટી રૂ.૩૫૦.૮ના સ્તરે પહોંચ્યો હતો. સીસું એપ્રિલ વાયદો રૂ.૧.૪ ઘટી રૂ.૧૯૬.૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૮૮૧૭.૩૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી એપ્રિલ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૫૪૩૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૫૫૦ અને નીચામાં રૂ.૫૧૮૬ના મથાળે અથડાઈ, રૂ.૨૬૪ ઘટી રૂ.૫૨૧૮ થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.૯૬૨૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૨૮૬ અને નીચામાં રૂ.૯૬૨૩ના સ્તરને સ્પર્શી, રૂ.૯૨૫૩ના આગલા બંધ સામે રૂ.૧૦૧૧ વધી રૂ.૧૦૨૬૪ થયો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૧૦૦૭ વધી રૂ.૧૦૨૬૩ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૩.૮ વધી રૂ.૨૬૯.૨ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો રૂ.૩.૬ વધી રૂ.૨૬૯.૧ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૧૦૪૬ના ભાવે ખૂલી, ૬૦ પૈસા વધી રૂ.૧૦૩૦ થયો હતો. કોટન એપ્રિલ વાયદો રૂ.૪૭૦ વધી રૂ.૨૭૫૦૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૨૪૨૫ના ભાવે ખૂલી, રૂ.૩૯ વધી રૂ.૨૫૫૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૦૫૫૩.૩૩ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૯૨૨૫.૭૩ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૫૪૮.૨૯ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૮૫.૪૩ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૮.૧૬ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૭૫.૦૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૪૩.૫૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૨૦૮.૮૮ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૫૬૪.૮૫ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૭૭૧૫ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૭૫૧૨ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૬૮૮૩ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૮૧૧૨૩ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૨૮૪૧ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૩૦૦ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૦૦૯૬ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૯૫૨૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૦૪૦ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૩૩૫૭ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૫૧૭૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૫૮૨૨ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૫૯૪૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૫૬૭૯ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૦૯૫ પોઈન્ટ ઘટી ૩૫૬૭૯ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૧૭.૮ વધી રૂ.૧૦૩૦.૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨ વધી રૂ.૧૫.૨૫ થયો હતો.


સોનું એપ્રિલ રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૭૯ ઘટી રૂ.૫૩૩ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૬૨.૫ ઘટી રૂ.૯૯૭.૫ના ભાવે બોલાયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૩૧ ઘટી રૂ.૧૫.૦૭ થયો હતો. જસત મે રૂ.૩૪૨.૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૫૯ ઘટી રૂ.૧.૧૧ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૨૦.૮૫ વધી રૂ.૧૦૪૦.૯૫ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૧૫ વધી રૂ.૧૫.૭૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૭૬૮.૫ ઘટી રૂ.૧૨૩૪.૫ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૦૮.૫ ઘટી રૂ.૧૦૨૪.૫ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૯૨ ઘટી રૂ.૩૫૨.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૬ ઘટી રૂ.૧૬.૨ના ભાવે બોલાયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૩.૫ વધી રૂ.૪૫૭.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૩ વધી રૂ.૫૯૯ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૪૧ વધી રૂ.૧૪.૫૨ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૩૧૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૨૬ પૈસા વધી રૂ.૫.૨૫ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૯૬.૯ ઘટી રૂ.૭૭૨.૫ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૪ ઘટી રૂ.૧૬.૬ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૦૬.૫ વધી રૂ.૩૨૩૨ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૨૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૮૫૨.૫ વધી રૂ.૧૪૨૨૪ના ભાવે બોલાયો હતો.




### ૩ દેશોના દરિયાકાંઠે મોટું જોખમ

# ઈન્ડોનેશિયામાં ૭.૪ ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ, સુનામીની ચેતવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

યુએસ જીઓલોજિકલ સર્વે એ જણાવ્યું છે કે ગુરુવારે વહેલી સવારે પૂર્વી ઈન્ડોનેશિયાના સમુદ્રમાં 7.4 ની તીવ્રતાનો અત્યંત શક્તિશાળી ભૂકંપ આવ્યો છે. આ ભૂકંપ બાદ અમેરિકાના મોનિટરિંગ સેન્ટરે ભૂકંપના કેન્દ્રથી 1,000 કિલોમીટર (621 માઈલ) ના દાયરામાં જોખમી સુનામી લહેરોની આશંકા વ્યક્ત કરતા હાઈ એલર્ટ જારી કર્યું છે.USGS મુજબ, આ ભૂકંપ સ્થાનિક સમય અનુસાર સવારે 6:48 કલાકે (બુધવારે રાત્રે 22:48 GMT) મોલુક્કા સાગરમાં 35 કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો. આ ભૂકંપનું કેન્દ્ર ટર્નેટ નામના નાના ટાપુ પાસે સમુદ્રમાં હતું. હવાઈ સ્થિત પેસિફિક સુનામી વૉર્નિંગ સેન્ટરે જણાવ્યું છે કે ઈન્ડોનેશિયા, ફિલિપાઈન્સ અને મલેશિયાના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભૂકંપના કેન્દ્રથી 1,000 કિમીના દાયરામાં જોખમી સુનામી લહેરો ઉઠી શકે છે.ઉત્તરી સુલાવેસી પ્રાંતના મનાડો શહેરમાં ભૂકંપના આંચકા એટલા તેજ હતા કે શહેરના લોકો જાગી ગયા હતા અને ગભરાઈને ઘરોની બહાર દોડી આવ્યા હતા. એક વ્યક્તિએ જણાવ્યું, "હું તરત જ જાગી ગયો અને ઘરની બહાર નીકળી ગયો. લોકો ગભરાઈને બહાર ભાગવા લાગ્યા હતા. નજીકમાં જ એક સ્કૂલ છે, ત્યાંના વિદ્યાર્થીઓ પણ જીવ બચાવવા માટે ઝડપથી બહાર મેદાન તરફ દોડ્યા હતા."



ઉત્તરી સુલાવેસી પ્રાંતના મનાડો શહેરમાં ભૂકંપના આંચકા એટલા તેજ હતા કે શહેરના લોકો જાગી ગયા હતા અને ગભરાઈને ઘરોની બહાર દોડી આવ્યા હતા

# મહારાષ્ટ્રમાં ભયાનક અકસ્માત, બેફામ ગતિએ આવતા ટ્રકે ૧૨ મહિલાને કચડી, ૮ વ્યક્તિઓના મોત

### પોલીસ દ્વારા અકસ્માત માટે જવાબદાર ટ્રક ચાલકને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે અને તેની સામે સાપરાધ મનુષ્યવધનો ગુનો નોંધવામાં આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રના જાલના જિલ્લામાં સમૃદ્ધિ એક્સપ્રેસ હાઈવે પર આજે અત્યંત હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે. રિપોર્ટ મુજબ, હાઈવે પર કામ કરતી શ્રમિક મહિલાઓ કામ પુરુ કરીને ઘરે જવા માટે અન્ય વાહનની રાહ જોઈ રહી હતી, ત્યારે બેફામ ગતિએ આવતા એક ટ્રકે ૧૨ મહિલા શ્રમિકોને કચડી છે, જેમાંથી ૮ના મોત થયા છે, જ્યારે ચારની હાલત ગંભીર છે. ઘટનાની જાણ થાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે દુઃખ વ્યક્ત કર્યું છે અને મૃતકોના વારસદારોને ૫ લાખ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી છે.આ હૃદયદ્રાવક ઘટના અંગે માહિતી આપતા જાળનાના એસપી અજય કુમાર બંસલે જણાવ્યું હતું કે, આ અકસ્માત ત્યારે સર્જાયો જ્યારે શ્રમિકોનું એક જૂથ પોતાનું કામ પતાવીને ઘરે જવા માટે સાઈડ લેનમાં ઊભું રહીને રાહ જોઈ રહ્યું હતું. તે સમયે પાછળથી આવતા એક ટ્રકે અચાનક લેન બદલી નાખી હતી અને આ મજૂરોને જોરદાર ટક્કર મારી હતી.



આ દુખદ અકસ્માતમાં ૮ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે, જ્યારે અન્ય ૬થી ૭ શ્રમિકોને ગંભીર ઈજાઓ પહોંચી છે. પોલીસ દ્વારા અકસ્માત માટે જવાબદાર ટ્રક ચાલકને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે અને તેની સામે સાપરાધ મનુષ્યવધનો ગુનો નોંધીને ધરપકડ સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.શ્રમિક મહિલાઓ એક્સપ્રેસ હાઈવે પર કામ કરી રહી હતી. આ ભયાનક અકસ્માતની કેટલીક તસવીરો પણ સામે આવી છે, જેમાં હાઈવે પર ચારેતરફ મહિલાઓની લાશો વિખેરાયેલી પડી હતી. જે દ્રશ્ય જોઈને સૌ કોઈ સ્તબ્ધ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે એમ્બ્યુલન્સની મદદથી ઘાયલ મહિલાઓને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડી હતી. બીજીતરફ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે ઘટનાને હૃદયદ્રાવક ગણાવીને દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે ટ્વિટ કર્યું છે કે, 'જાળના પાસે સમૃદ્ધિ મહામાર્ગ પર થયેલા અકસ્માતમાં ૮ લોકોના મોતના સમાચાર અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે અને હું તેમને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું તેમજ અમે તેમના પરિવારના દુઃખમાં સહભાગી છીએ. આ ઘટનામાં જે લોકો ઈજાગ્રસ્ત થયા છે તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને સ્થાનિક પ્રશાસન સતત સંકલન સાધી રહ્યું છે જ્યારે જિલ્લાધિકારી અને પોલીસ અધિક્ષક પોતે ઘટનાસ્થળે હાજર છે.

ઈજાગ્રસ્તોની તબિયતમાં ઝડપથી સુધારો થાય તેવી હું ઈશ્વરને પ્રાર્થના કરું છું. રાજ્ય સરકાર દ્વારા આ અકસ્માતમાં જીવ ગુમાવનારા મૃતકોના વારસદારોને ૫ લાખ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે.'

# એમએસ ધોની પ્રેક્ટિસ સેશનમાં દેખાયો, CSK ફેન્સ ખુશ થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

IPLની શરુઆત સમયે એવી જાહેર કરવામાં આવી હતી કે એમએસ ધોની આઈપીએલ ૨૦૨૬ના શરૂઆતના બે અઠવાડિયા માટે ફિટ નથી અને રમવા માટે ઉપલબ્ધ નહીં રહે. તેમ છતાં, તાજેતરમાં સોશિયલ મીડિયા પર તે ટ્રેનિંગ સેશન વખતે ટીમની સાથે હોય તેવી એક ક્લિપ વાયરલ થઈ રહી છે, જેના કારણે ચાહકોમાં આશા જગાઈ છે કે તેઓ અપેક્ષા કરતા વહેલા મેદાનમાં પાછો ફરીશકે છે. ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) દ્વારા અગાઉ જણાવવામાં આવ્યું હતું કે ધોની હાલમાં કાફ સ્ટ્રેન માટે રિહેબિલિટેશનમાંથી પસાર થઈ રહ્યો છે. આ ઈજાને કારણે તે ટીમના શરૂઆતની મેચ ચૂકી શકે છે. બીજી તરફ, હેવાલ મુજબ, તેમની ગેરહાજરી ૭ મેચ સુધી લંબાઈ શકે છે, જેમાં મુંબઈ ઈન્ડિયન્સ સામેના મહત્વના મુકાબલો પણ સમાવેશ થાય છે. જોકે, તેની વાપસી વિશે હજી સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. ધોનીની ફિટનેસ વિશે ચિંતાઓ નવી નથી. ૨૦૨૩માં ગુજરાત ટાઈટન્સ સામેની યાદગાર ફાઈનલ જીત બાદ તેણે ઘૂંટણની ઈજાની સારવાર કરાવી હતી. તે સીઝનમાં તે ભારે દુખાવા સાથે રમ્યો હતો અને તેની ચાલવાની તેમજ દોડવાની ક્ષમતા મર્યાદિત થઈ ગઈ હતી. ત્યારબાદથી તેઓ મોટાભાગે નીચલા ક્રમે બેટિંગ કરતા આવતો હતો. છેલ્લી આઈપીએલ સીઝનમાં તેમણે ૧૪ મેચમાં ૧૯૬ રન બનાવ્યા હતા અને તેનો સ્ટ્રાઈક રેટ ૧૩૫થી વધુ રહ્યો હતો. ભલે તેઓ લાંબી ઈનિંગ્સ નહીં રમે, પરંતુ તેમની ટૂંકી અને અસરકારક ઈનિંગ્સ ટીમ માટે મહત્વપૂર્ણ સાબિત થઈ છે.

### હાઈફાને હચમચાવ્યું

# ટ્રમ્પનું સંબોધન પૂરું થતાં જ ઈરાને ઈઝરાયલ પર ઝીંકી મિસાઈલો

### ઈરાન હજુ પણ ઈઝરાયેલના ઠેકાણાઓ પર હુમલો કરવાની ક્ષમતા ધરાવે છે, જે અમેરિકી દાવાઓ સામે સવાલો ઉભા કરે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)કીવ,

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલું યુદ્ધ હવે સૌથી ખતરનાક તબક્કામાં પહોંચી ગયું છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું રાષ્ટ્રજોગ સંબોધન પૂરું થતાની સાથે જ ઈરાને ઈઝરાયલ પર મિસાઈલ હુમલા શરૂ કરી દીધા છે. આ હુમલાએ સ્પષ્ટ કરી દીધું છે કે જંગ હાલમાં થંભવાની નથી, પરંતુ વધુ તેજ બની શકે છે.ઈઝરાયેલી સેના ના જણાવ્યા અનુસાર, ટ્રમ્પનું ભાષણ પૂર્ણ થતાની સાથે જ ઈરાન તરફથી અનેક મિસાઈલો છોડવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. સેનાએ નિવેદન જારી કરીને કહ્યું કે, "ડિફેન્સ સિસ્ટમ સક્રિય કરી દેવામાં આવી છે અને હુમલાને રોકવા માટે ઈન્ટરસેપ્શન ચાલુ છે." આ સાથે જ ઈઝરાયલના મધ્ય અને ઉત્તરી વિસ્તારોમાં એર ડિફેન્સ સાયરન ગુંજી ઉઠ્યા હતા.નોંધનીય છે કે, ટ્રમ્પે પોતાના સંબોધનમાં દાવો કર્યો હતો કે અમેરિકા અને ઈઝરાયલે ઈરાનની સૈન્ય તાકાતને લગભગ ખતમ કરી દીધી છે. તેમણે ચેતવણી આપી હતી કે, "અમે આગામી બે થી ત્રણ અઠવાડિયામાં તેમને અત્યંત આકરો જવાબ આપીશું અને તેમને પાષાણ યુગ માં પાછા મોકલી દઈશું." ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે ઈરાનની નૌસેના અને વાયુસેના સંપૂર્ણપણે બરબાદ થઈ ગઈ છે.પરંતુ, ટ્રમ્પના આ દાવાઓની થોડી જ મિનિટો બાદ થયેલા મિસાઈલ હુમલાઓ દર્શાવે છે કે જમીની હકીકત અલગ છે. ઈરાન હજુ પણ ઈઝરાયેલના ઠેકાણાઓ પર હુમલો કરવાની ક્ષમતા ધરાવે છે, જે અમેરિકી દાવાઓ સામે સવાલો ઉભા કરે છે.

ટ્રમ્પે એવો પણ દાવો કર્યો હતો કે જંગ પૂરો થયા પછી હોર્મુઝની ખાડી આપોઆપ ખુલી જશે. પરંતુ વર્તમાન પરિસ્થિતિ જોતા આ રસ્તો હજુ પણ તણાવનું કેન્દ્ર છે અને વૈશ્વિક ઉર્જા પુરવઠા પર મોટો ખતરો મંડરાઈ રહ્યો છે. નિષ્ણાતો માને છે કે ટ્રમ્પનું આક્રમક નિવેદન અને ઈરાનનો વળતો પ્રહાર આ જંગને વધુ ભડકાવી શકે છે.

# અમારા ભારતીય મિત્રો સુરક્ષિત હાથોમાં છે, તમામ ભારતીયો સુરક્ષિત છેઃ ઈરાનનું ભારત અંગે મોટું નિવેદન

### આ મેસેજ એવા સમયે સામે આવ્યો છે જ્યારે મિડલ ઈસ્ટમાં છેલ્લા એક મહિનાથી ભયંકર યુદ્ધ ચાલી રહ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

અમેરિકા-ઈઝરાયલ સાથે યુદ્ધ લડી રહેલા ઈરાને ભારતીયોની સુરક્ષાને લઈને એક મોટો મેસેજ આપ્યો છે. ભારતમાં ઈરાની પ્રતિનિધિએ કહ્યું કે, અમારા ભારતીય મિત્રો સુરક્ષિત હાથોમાં છે, તમામ ભારતીયો સુરક્ષિત છે. ભારત સરકારે ચિંતા કરવાની કોઈ જરૂર નથી. આ મેસેજ એવા સમયે સામે આવ્યો છે જ્યારે મિડલ ઈસ્ટમાં છેલ્લા એક મહિનાથી ભયંકર યુદ્ધ ચાલી રહ્યું છે. અમેરિકા અને ઈઝરાયલે સંયુક્ત કાર્યવાહી કરતાં ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર હવાઈ હુમલો કર્યો હતો, જેમાં ઈરાની સુપ્રીમ લીડર અલી ખામેનેઈ અને અન્ય નેતાઓના મોત થઈ ગયા હતા. યુદ્ધની શરૂઆત બાદ ઈરાને પણ જવાબી હુમલો કરતાં મિડલ ઈસ્ટમાં સ્થિત ઘણા અન્ય દેશો પર હુમલો કર્યો છે. ઈરાને સાઉદી અરેબિયા, કતાર, બહેરીન અને અન્ય દેશોમાં સ્થિત અમેરિકન લશ્કરી ઠેકાણાને નિશાન બનાવ્યા છે. ઈરાન, ઈઝરાયલ અને અમેરિકા વચ્ચે ચાલી રહેલું યુદ્ધ આજે દુનિયાના સૌથી મોટા અને ખતરનાક મુદ્દાઓમાંથી એક બની ગયું છે. અમેરિકા અને ઈઝરાયલનું કહેવું છે કે, ઈરાન પરમાણુ હથિયાર બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, તેથી અમે ઈરાન પર હુમલો કર્યો છે, જ્યારે ઈરાન વારંવાર કહેતું રહ્યું છે કે, અમારો કાર્યક્રમ માત્ર વીજળી અને બીજા શાંતિપૂર્ણ કામો માટે છે. આ મુદ્દે વર્ષોથી તણાવ ચાલી રહ્યો હતો, જે હવે સીધો યુદ્ધમાં પરિવર્તિત થઈ ગયો છે. અમેરિકા અને ઈઝરાયલ સાથે ચાલી રહેલા યુદ્ધમાં ઈરાન પોતાના સહયોગી જૂથોનો પણ ઉપયોગ કરી રહ્યું છે, જેમ કે લેબેનોનમાં હિઝબુલ્લાહ અને યમનમાં હુથીઓ ઈરાનને મદદ કરી રહ્યા છે. યુદ્ધની રીત પણ બદલાઈ ગઈ છે. આમાં હવાઈ હુમલા, મિસાઈલ અને ડ્રોન હુમલા, સાયબર હુમલા થઈ રહ્યા છે અને દરિયાઈ માર્ગો પર પણ જોખમ વધી ગયું છે. આમાં હોર્મુઝ સ્ટ્રેટ સૌથી ગંભીર મુદ્દો છે, જે ક્રૂડ ઓઈલ માટેનો સૌથી મહત્ત્વપૂર્ણ માર્ગ છે. જોકે હજુ સુધી જમીની સ્તર પર યુદ્ધ નથી શરૂ થયું, પરંતુ તેનો ખતરો યથાવત્ છે. અમેરિકા સતત સૈનિકોને મિડલ ઈસ્ટમાં મોકલી રહ્યું છે, જેની અસર સમગ્ર વિશ્વ પર પડી રહી છે. ઓઈલ અને ગેસ મિડલ ઈસ્ટમાંથી આવે છે, તેથી જેમ જેમ યુદ્ધ વધે છે, તેમ-તેમ ક્રૂડ ઓઈલના ભાવ વધે છે, જેની સીધી અસર પેટ્રોલ અને ડીઝલના ભાવ પર પડે છે. ભારત પર પણ આ યુદ્ધની અસર સ્પષ્ટ દેખાઈ રહી છે. ભારત પોતાની ઓઈલની જરૂરિયાતનો મોટો હિસ્સો વિદેશોમાંથી ખરીદે છે, તેથી ઓઈલના ભાવ વધવાની સાથે અહીં પેટ્રોલ અને ડીઝલના ભાવ પણ વધી ગયા છે. આ ઉપરાંત ખાડી દેશોમાં કામ કરતાં લાખો ભારતીયોની સુરક્ષા પણ ચિંતાનો વિષય બની ગયો છે. વિદેશ મંત્રાલયે(MEA) સોમવારે (૩૦ માર્ચ, ૨૦૨૬) અહેવાલ આપ્યો હતો કે મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે અત્યાર સુધીમાં ૮ ભારતીયોના મોત થયા છે અને એક ગુમ છે. યુએસ સ્થિત માનવાધિકાર સંગઠન HRANAના જણાવ્યા પ્રમાણે અત્યાર સુધીમાં ૩,૪૬૧ લોકોનો મોત થઈ ચૂક્યા છે, જેમાં ૧,૫૫૧ નાગરિકો અને ઓછામાં ઓછા ૨૩૬ બાળકો સામેલ છે. ઈન્ટરનેશનલ ફેડરેશન ઑફ રેડ ક્રોસ અને રેડ ક્રેસેન્ટ સોસાયટીઝનું કહેવું છે કે ઓછામાં ઓછા ૧,૯૦૦ લોકો માર્યા ગયા છે અને લગભગ ૨૦,૦૦૦ લોકો ઘાયલ થયા છે. લેબેનોનમાં ૨ માર્ચથી શરૂ થયેલા આ હુમલાઓમાં ઓછામાં ઓછા ૧૨૪ બાળકો સહિત ૧,૨૩૮ લોકો માર્યા ગયા છે. આ ઉપરાંત ૪૦૦થી વધુ હિઝબુલ્લાહ લડવૈયાઓ અને ૮ લેબેનોનની સેનાના સૈનિકો માર્યા ગયા છે. ઈરાનમાં પણ પરિસ્થિતિ ભયાનક છે, ત્યાં ૧૦૦થી વધુ લોકોના મોત થયા છે. ઈરાન અને લેબેનોનથી છોડવામાં આવેલી મિસાઈલોને કારણે ઈઝરાયલમાં ૧૯ લોકો માર્યા ગયા છે, જ્યારે ૫ સૈનિકો પણ માર્યા ગયા છે.

મોબાઈલ હેક કરી ગઠિયાએ ગૂગલ-પે દ્વારા રકમ ટ્રાન્સફર કરી લીધી

# દરિયાપુરના યુવકના બેંક ખાતામાંથી વગર OTPએ ૨૪,૦૦૦ ઉપડી ગયા

**ભોગ બનનારે આ અંગે સૌપ્રથમ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર જાણ કરી ઓનલાઇન ફરિયાદ નોંધાવી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરમાં ઓનલાઇન ફ્રોડની ઘટનાઓ સતત વધી રહી છે ત્યારે દરિયાપુર વિસ્તારમાં રહેતા એક શ્રમિક યુવક સાથે છેતરપિંડીનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગઠિયાએ યુવકનો મોબાઈલ હેક કરીને તેના બેંક ઓફ બરોડાના ખાતામાંથી કોઈ પણ પ્રકારના OTP વગર 24,000ની રકમ બારોબાર ટ્રાન્સફર કરી લીધી હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ છે.દરિયાપુરના પઠાણવાડામાં રહેતા 43 વર્ષીય મોહંમદ સાકીર મોહંમદ સિરાજ શેખ મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમણે પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા. 14 માર્ચ 2026ના રોજ રમઝાન ઈદના તહેવાર નિમિત્તે પુત્ર માટે કપડાં ખરીદવા પૈસાની જરૂર હોવાથી તેમણે ગૂગલ-પે (Google Pay) એપ દ્વારા પોતાનું બેંક બેલેન્સ ચેક કર્યું હતું. તે સમયે તેમના ખાતામાં માત્ર 836 જ જોવા મળ્યા હતા, જ્યારે ખરેખર તેમાં 24,836 હોવા જોઈએ. ચોંકી ઉઠેલા મોહંમદ સાકીરે જ્યારે બેંકમાં જઈ તપાસ કરી ત્યારે જાણવા મળ્યું કે, 12 માર્ચ 2026ના રોજ તેમના ખાતામાંથી 24,000ની રકમ એક અજાણ્યા UPI ID દ્વારા ફિનો પેમેન્ટ બેંકના ખાતામાં ટ્રાન્સફર થઈ ગઈ હતી. નવાઈની વાત એ છે કે આ વ્યવહાર માટે ફરિયાદીના મોબાઈલ પર કોઈ OTP પણ આવ્યો ન હતો. ફરિયાદીના જણાવ્યા મુજબ, કોઈ અજાણ્યા શખ્સે તેમનો ફોન હેક કરીને એક્સેસ મેળવી આ છેતરપિંડી આચરી છે. ભોગ બનનારે આ અંગે સૌપ્રથમ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન 1930 પર જાણ કરી ઓનલાઈન ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ દરિયાપુર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપતા પોલીસે અજાણ્યા UPI આઈડી અને ફિનો બેંકના ખાતાધારક વિરુદ્ધ BNSની કલમ 318(2) અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી એમેન્ડમેન્ટ એક્ટની કલમ 66-D હેઠળ ગુનો નોંધ્યો છે.

# ડિપ્લોમાથી ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે ૨૨૦૪૬ વિદ્યાર્થીનું રજિસ્ટ્રેશનઃ ૨૬મીએ પરીક્ષા લેવાશે

**ગત વર્ષ કરતાં અંદાજે ત્રણ હજાર વિદ્યાર્થી વધ્યા, બેઠકોનો ફાઈનલ આંકડો હવે જાહેર થશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ધો.10 પછી ડિપ્લોમા ઈજનેરી અને ફાર્મસી કરી ચૂકેલા વિદ્યાર્થીઓને સીધા ડિગ્રી ઈજનેરી-ફાર્મસીમાં પ્રવેશ માટે ફોર્મ ભરવાની મુદત બે દિવસ પહેલા પૂર્ણ થઈ ચૂકી છે. ચાલુ વર્ષે કુલ 22138 વિદ્યાર્થીએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જે પૈકી 22046 ફી ભરી હતી. આમ, કુલ 36212 બેઠકો માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આગામી 26મી એપ્રિલે ઓફલાઈન પરીક્ષા લેવાશે. ગત વર્ષે કુલ 19300ની સામે ચાલુ વર્ષે અંદાજે ત્રણ હજાર વિદ્યાર્થીનો વધારો થયો છે.ડિપ્લોમા ઈજનેરી પૂર્ણ કર્યા બાદ અગાઉ સીધા મેરિટના આધારે ડિગ્રી ઈજનેરીના બીજા સેમેસ્ટરમાં પ્રવેશ ફાળવવામાં આવતો હતો. હવે ડિગ્રીમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓ ડિપ્લોમા ટુ ડિગ્રી કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (DDCET) આપવી પડે છે. પ્રવેશ સમિતિ દ્વારા વિદ્યાર્થીઓને ગત 9મી ફેબ્રુઆરીથી 30મી માર્ચ સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાની સૂચના આપવામાં આવી હતી. પ્રવેશ સમિતિએ જાહેર કરેલી આંકડાકીય વિગતો પ્રમાણે, 22046 વિદ્યાર્થીએ રજિસ્ટ્રેશન કરાવીને ફી ભરી દીધી છે. જેમાં જનરલ કેટેગરીના 8046, EWS કેટેગરીના 3110, SC કેટેગરીમાં 1653, ST 2011 અને SEBC કેટેગરીની 7126 વિદ્યાર્થીનો સમાવેશ થાય છે. રજિસ્ટ્રેશન કન્ફર્મ કરાવનારા વિદ્યાર્થીઓમાં 5286 વિદ્યાર્થિનીઓ અને 16760 વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. મહત્ત્વની વાત એ છે કે, રજિસ્ટ્રેશન કરનારા વિદ્યાર્થીઓ માટે કુલ 36212 બેઠકો ઉપલબ્ધ છે. જેમાં 16 સરકારી, 3 ગ્રાન્ટેડ કોલેજોન 2068 બેઠકો અને 120 સ્વનિર્ભર કોલેજોમાં 34144 બેઠકોનો સમાવેશ થાય છે. જે તે વર્ષમાં રાજ્યમાં આવેલા માન્ય બોર્ડમાંથી ડિપ્લોમા પાસ કરનારા વિદ્યાર્થીઓ તેમજ સરકારી સંસ્થા ખાતે 5 ટકા બેઠકો પર સમગ્ર દેશમાંથી ડિપ્લોમા પાસ કરનારા વિદ્યાર્થીઓને પ્રવેશ માટે લાયક ગણવામાં આવશે. અગાઉના વર્ષમાં ડિપ્લોમા પાસ કર્યું હોય તેવા વિદ્યાર્થીઓ પણ પ્રવેશ માટે લાયક ગણાશે. કાઉન્સિલની જોગવાઈ પ્રમાણે BSc અને વોકેશનલ ડિગ્રી ધરાવતા વિદ્યાર્થીઓ પણ ડિપ્લોમાથી ડિગ્રી માટે લાયક ગણવામાં આવશે. આગામી 26મી એપ્રિલે ઓફલાઈન પરીક્ષા લેવાશે. જેની પ્રોવિઝનલ આન્સર કી 27મીએ જ જાહેર કરી દેવાશે. વિદ્યાર્થીઓને આન્સર કી સામે કોઈ વાંધો હોય તો 28મીથી બીજી મે દરમિયાન રજૂ કરી શકશે. જેના આધારે મે માસના પ્રથમ સપ્તાહમાં ફાઈનલ આન્સર કી જાહેર કરીને બીજા સપ્તાહમાં પરિણામ જાહેર કરાશે.

ડિપ્લોમાથી ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે 26મી એપ્રિલના રોજ પરીક્ષા લેવાની જાહેરાત કરવામાં આવી છે. આજે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી જાહેર કરવામાં આવી છે. તેમાં 26મી એપ્રિલે જ મતદાન યોજાવાનું છે. આ સ્થિતિમાં ડિપ્લોમાથી ડિગ્રી ઈજનેરી માટે લેવાનારી પરીક્ષા યથાવત રહેશે કે તારીખ બદલાવવી પડશે તેની ચર્ચાઓ શરૂ થઈ છે.

# ગુજરાત પોલીસ ભરતીઃ LRD શારીરિક કસોટીનું પરિણામ જાહેરઃ ૨.૬૩ લાખ ઉમેદવાર પાસ

**૧,૭૩,૧૧૨ પુરૂષ ઉમેદવાર, ૮૯,૪૦૫ મહિલા ઉમેદવાર અને ૮૨૭ માજી સૈનિક ઉમેદવાર ઉતિર્ણ થયા**

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લેવાયેલી લોકરક્ષક દળ (LRD) ની શારીરિક ક્ષમતા કસોટીનું મહત્ત્વનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. આ કસોટીમાં રાજ્યભરમાંથી લાખો યુવાનોએ પોતાનું નસીબ અજમાવ્યું હતું, જેમાંથી મોટી સંખ્યામાં ઉમેદવારો આગામી તબક્કા માટે ક્વોલિફાય થયા છે. તા. ૨૧ જાન્યુઆરી, ૨૦૨૬થી રાજ્યના ૧૫ કેન્દ્રો પર યોજાયેલી શારીરિક કસોટી સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ ઉમેદવારો હવે પોતાનું પરિણામ ઓનલાઈન જોઈ શકે છે. વધુ માહિતી બોર્ડની સત્તાવાર વેબસાઈટ gprb.gujarat.gov.in પરથી મળી રહેશે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા પોલીસ વિભાગના વર્ગ-૩ સંવર્ગ હેઠળ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) અને લોકરક્ષક દળ (LRD) કેડરની કુલ ૧૩,૫૯૧ જગ્યાઓ માટેની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. રાજ્યના ૧૫ જેટલા કેન્દ્રો પર ૨૧ જાન્યુઆરી ૨૦૨૬થી શારીરિક કસોટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જાહેર થયેલા આ આંકડાઓમાં કોન્સ્ટેબલ અને PSI (Police Sub-Inspector) બંને કેડરના ઉમેદવારોનો સમાવેશ થાય છે. જે ઉમેદવારોએ માત્ર PSI કેડર માટે ફોર્મ ભર્યા હશે, તેમની યાદી અલગથી હોઈ શકે છે, પરંતુ સંયુક્ત રીતે અત્યારે ૨,૬૩,૩૪૪ ઉમેદવારોએ મેદાન માર્યું છે. જેમાં ૧,૭૩,૧૧૨ પુરૂષ ઉમેદવાર, ૮૯,૪૦૫ મહિલા ઉમેદવાર અને ૮૨૭ માજી સૈનિક ઉમેદવાર ઉતિર્ણ થયા છે. આ કસોટી દરમિયાન ઉમેદવારોના પ્રદર્શનની સઘન ચકાસણી કરવામાં આવી છે. દોડની કસોટી માટે RFID લેપ ડેટા અને CCTV ફૂટેજ જ્યારે શારીરિક માપણી માટે ઊંચાઈના ડેટા અને ફોટોગ્રાફ્સની ઝીણવટભરી તપાસ બાદ આ પરિણામ તૈયાર કરવામાં આવ્યું છે.

આ સાથે જ શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારો માટે લેખિત પરીક્ષાની તારીખ પણ જાહેર કરી દેવામાં આવી છે. આગામી ૧૪ જૂન ૨૦૨૬ના રોજ લેખિત પરીક્ષા યોજાશે. ભરતી બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ ઉમેદવાર ગેરલાયક હોવા છતાં ટેકનિકલ કે ક્લેરિકલ ભૂલને કારણે લાયક ઠર્યો હશે, તો તેની પસંદગી કોઈપણ તબક્કે રદ થઈ શકે છે. પરિણામ જાહેર થયા બાદ, જો કોઈ ઉમેદવારને પોતાની વિગતો કે ગુણ બાબતે કોઈ વાંધો હોય, તો તેઓ ૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ વાગ્યા સુધીમાં પોતાની રજૂઆત કરી શકશે. ઉમેદવારોએ જરૂરી પુરાવા અને કોલ લેટરની નકલ સાથે ગાંધીનગર સ્થિત ગુજરાત પોલીસ ભરતી બોર્ડની કચેરીએ રૂબરૂમાં અથવા સ્પીડ પોસ્ટ/કુરિયર મારફતે અરજી મોકલવાની રહેશે. નિયત સમય મર્યાદા બાદ મળેલી કોઈ પણ અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.

# બનાવટી દસ્તાવેજોના આધારે પાસપોર્ટ મેળવનાર મહિલાની જામીન અરજી કોર્ટે ફગાવી

**બાયોમેટ્રિક વેરિફિકેશન દરમિયાન ભાંડો ફૂટ્યો, વિદેશી પાસપોર્ટ અને ભારતીય ઓળખપત્રોમાં અલગ-અલગ નામ હતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટે બોગસ પાસપોર્ટ કૌભાંડમાં સંડોવાયેલી મહિલા આરોપી નિશા વિપુલકુમાર રાણાની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરી છે. કોર્ટે નોંધ્યું હતું કે, આ ગુનાની તપાસ હાલ ચાલુ છે અને હજુ ચાર્જશીટ દાખલ કરવામાં આવી નથી. જો આરોપીને જામીન પર મુક્ત કરવામાં આવે, તો તે પુરાવા સાથે ચેડાં કરી શકે છે અને સાક્ષીઓને પ્રભાવિત કરી શકે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી. આ કેસમાં અન્ય સહ-આરોપીઓને પકડવાના હજુ બાકી છે, જેમને પકડવા માટે આરોપીની કસ્ટડી અને તપાસ અનિવાર્ય છે. આરોપી સામે આર્થિક લાભ મેળવવા માટે ખોટા દસ્તાવેજોના આધારે બોગસ પાસપોર્ટ મેળવી તેનો ખરા તરીકે ઉપયોગ કરવાના ગંભીર આક્ષેપો છે અને તેની સક્રિય સંડોવણી પ્રાથમિક દૃષ્ટિએ જણાય છે.

તપાસ જ્યારે અત્યંત નાજુક તબક્કે હોય ત્યારે આરોપીને જામીન આપવા ન્યાયોચિત જણાતું નથી. નોંધનીય છે કે, બાયોમેટ્રિક વેરિફિકેશન દરમિયાન ભાંડો ફૂટ્યો; વિદેશી પાસપોર્ટ અને ભારતીય ઓળખ પત્રોમાં અલગ-અલગ નામ મળતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના હેઠળ આરોપી હાલ સાબરમતી સેન્ટ્રલ જેલમાં બંધ છે.આ કેસના ફરિયાદી હુડકો ભવન સ્થિત FRRO ઓફિસમાં ફરજ બજાવે છે. ૧૭ માર્ચ ૨૦૨૬ના રોજ આરોપી નિશા રાણા ભારતીય વિઝા મેળવવા માટે બાયોમેટ્રિક અને ડોક્યુમેન્ટ વેરિફિકેશન અર્થે આવી હતી. તપાસ દરમિયાન તેની પાસેથી 'નિશા જગન' નામના બે પાસપોર્ટ મળી આવ્યા હતા, જેમાં એક કેન્સલ કરાયેલ ભારતીય પાસપોર્ટ અને બીજો પોર્ટુગીઝ પાસપોર્ટ હતો. શંકા જતાં જ્યારે અધિકારીઓએ તેના અન્ય પુરાવા તપાસ્યા, ત્યારે પાનકાર્ડ અને આધારકાર્ડમાં 'નિશા વિપુલ રાણા' નામ જોવા મળ્યું હતું. તેની ધો.૧૦ની માર્કશીટ અને એલસીમાં 'પટેલ નિશા અશીતકુમાર' નામ હતું. આમ, અલગ-અલગ નામના બોગસ દસ્તાવેજો ઉભા કરી આર્થિક લાભ મેળવવા માટે પાસપોર્ટ મેળવ્યો હોવાનું જણાતા તેની ધરપકડ કરાઈ હતી.

આ કેસમાં આરોપી તરફે જામીન અરજીમાં એડવોકેટે દલીલ કરી હતી કે,આરોપી નિર્દોષ છે. તેમને ખોટી રીતે સંડોવી દેવામાં આવ્યા છે. જામીન અરજીનો વિરોધ કરતા સરકારી વકીલ સુધીર બ્રહ્મભટ્ટે દલીલ કરી હતી કે, આરોપીએ આર્થિક લાભ મેળવવાના હેતુથી અન્ય સહ-આરોપીઓની મદદગારી લઈને ખોટા દસ્તાવેજોના આધારે ભારતીય પાસપોર્ટ મેળવ્યો હોવાનો આક્ષેપ છે. આરોપી પાસે બે પાસપોર્ટ હોવા છતાં અને તે બોગસ હોવાનું જાણવા છતાં, તેનો ખરા (સાચા) તરીકે ઉપયોગ કરીને ગંભીર ગુનો આચર્યો છે.

# GIDCમાં માધવ પ્લાસ્ટિકના કારખાનામાં ભીષણ આગ લાગી

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

જૂનાગઢ જીઆઈડીસી વિસ્તારમાં આવેલી એક પ્લાસ્ટિક ફેક્ટરીમાં આજે અચાનક ભીષણ આગ ફાટી નીકળતા દોડધામ મચી ગઈ હતી. માધવ પ્લાસ્ટિક નામના કારખાનામાં લાગેલી આ આગ એટલી વિકરાળ હતી કે, તેના ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી જોવા મળ્યા હતા. સદનસીબે આ આગ લાગવાની ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાનિના સમાચાર સામે આવ્યા નથી. ઘટનાની મળતી માહિતી અનુસાર, જૂનાગઢ GIDCમાં આવેલ માધવ પ્લાસ્ટિકના કારખાનામાં અચાનક આગ લાગી હતી. કારખાનામાં પ્લાસ્ટિકનો કાચો માલ અને તૈયાર વસ્તુઓનો મોટો જથ્થો હોવાને કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગ લાગતાની સાથે જ કારખાનામાં કામ કરતા શ્રમિકો અને આસપાસના લોકોમાં ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો.

ઘટનાની જાણ થતા જ જૂનાગઢ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી. ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આગ વધુ પ્રસરે તે પહેલા તેને કાબૂમાં લેવામાં આવતા આસપાસના અન્ય કારખાનાઓનો બચાવ થયો હતો. આગ ઓલવાયા બાદ ફાયર વિભાગે કુલિંગની કામગીરી હાથ ધરી હતી.

આ ભીષણ આગ કયા કારણોસર લાગી તે હજુ સુધી જાણી શકાયું નથી. પ્રાથમિક દ્રષ્ટિએ શોર્ટ સર્કિટ હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે, પરંતુ પોલીસ અને ફાયર વિભાગ દ્વારા આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે. આ આગમાં કારખાનામાં રહેલો લાખોનો મુદ્દામાલ બળીને ખાખ થઈ ગયો હોવાની આશંકા છે.

# બાયડ ભાજપ પ્રમુખ વિવાદમાં

# ગુજરાતમાં પેપર લીક કૌભાંડનો મુદ્દો ફરી એકવાર ચર્ચાના ચકડોળે ચઢ્યા

**ભાજપના મતે કોંગ્રેસ ચૂંટણી ટાણે માત્ર વાહિયાત અને પાયાવિહોણા આક્ષેપો કરીને જનતાને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતમાં પેપર લીક કૌભાંડનો મુદ્દો ફરી એકવાર ચર્ચાના ચકડોળે ચઢ્યો છે. જુનિયર ક્લાર્ક પેપર લીક કૌભાંડમાં જેમની ધરપકડ કરાઈ હતી તેવા આકાશ પટેલને અરવલ્લી જિલ્લાના બાયડ શહેર ભાજપ પ્રમુખ બનાવાતા સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. આ મામલે વિપક્ષ દ્વારા આક્ષેપો કરવામાં આવતા હવે જિલ્લા ભાજપ પ્રમુખે મૌન તોડીને મહત્વની પ્રતિક્રિયા આપી છે.

મળતી માહિતી મુજબ, આકાશ પટેલ પર જુનિયર ક્લાર્કનું પેપર લેવાનો આરોપ છે અને અગાઉ આ કેસમાં એટીએસ દ્વારા તેમની તપાસ અને ધરપકડ પણ કરવામાં આવી હતી. જોકે, હાલ આ કેસમાં તેમને જામીન મળેલા છે. આ વિવાદ વચ્ચે જિલ્લા ભાજપ પ્રમુખે સ્પષ્ટતા કરી છે કે યુવા શહેર પ્રમુખની નિમણૂક કરવાની સત્તા મંડલ પ્રમુખ પાસે હોય છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, "જો આકાશ પટેલ આ કેસમાં ગુનેગાર સાબિત થશે, તો પક્ષ દ્વારા તેની સામે ચોક્કસપણે કડક પગલાં લેવામાં આવશે."

બીજી તરફ, ભાજપ દ્વારા કોંગ્રેસ પર પલટવાર કરવામાં આવ્યો છે. ભાજપના મતે કોંગ્રેસ ચૂંટણી ટાણે માત્ર વાહિયાત અને પાયાવિહોણા આક્ષેપો કરીને જનતાને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહી છે. હાલમાં આ મામલો સોશિયલ મીડિયા અને રાજકીય વર્તુળોમાં જોરશોરથી ચર્ચાઈ રહ્યો છે, ત્યારે જોવાનું એ રહે છે કે આગામી દિવસોમાં સંગઠન આ અંગે શું નિર્ણય લે છે.

# શું આપણે કોલસા યુગમાં પ્રવેશી રહ્યા છીએ?



કેન્દ્ર સરકાર ધ્વારા કોમર્શિયલ ગેસ સિલિન્ડરમાં એકાએક કરાયેલા ૧૯૫.૫૦ રૂપિયા ના તોતિંગ વધારાને કારણે પરિસ્થિતિ વધુ વિકટ બની જશે. કારણકે તાજેતર માં જ કોમર્શિયલ ગેસ સિલિન્ડરમાં વધેલા ભાવ વધારા બાદ આ બીજો ભાવ વધારો આવતા હવે કોમર્શિયલ ગેસ સિલિન્ડર મોંઘા બની જતાં કેટલીય હોટલો, રેસ્ટોરન્ટો અને કેટરર્સવાળાના ધંધા પર અસર પડતાં ધંધો બંધ થવાને આરે આવીને ઊભો છે. ત્યારે કેટલાય હોટલવાળાઓ એ ઉપરોક્ત તસવીરમાં દેખાય છે એમ કોલસાની સગડી વાપરવાનું શરૂ કરી ધંધો ચાલુ રાખ્યો છે. એ સિવાય અન્ય ઘણાએ વિકલ્પ તરીકે ઈલેક્ટ્રીક સગડીનો પણ ઉપયોગ શરૂ કરી ધંધાઓ ચાલુ રાખ્યા છે. એ સિવાય કરે પણ શું?

(તસવીર અને અહેવાલ છગનલાલ મેવાડા)

ગુજરાત પર કમોસમી વરસાદનું સંકટ

# આગાહી વચ્ચે દેવભૂમિ દ્વારકામાં ગાજવીજ અને પવન સાથે માવઠું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ઉનાળાની શરૂઆતમાં જ ગુજરાતમાં કુદરતનો મિજાજ બદલાયો છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી બે દિવસ માટે મધ્યમ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થવાને કારણે રાજ્યના અનેક વિસ્તારોમાં ધૂળની ડમરીઓ, ગાજવીજ અને ૩૦થી ૪૦ કિમીની ઝડપે ફૂંકાતા પવન સાથે વરસાદ વરસી શકે છે. બીજી તરફ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આજે અચાનક વાદળછાયું વાતાવરણ સર્જાયા બાદ ગાજવીજ અને પવન સાથે માવઠું પડ્યું હતું. ભાટિયામાં કમોસમી વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે.

**અચાનક વાદળછાયું વાતાવરણ સર્જાયા બાદ ગાજવીજ અને પવન સાથે માવઠું પડ્યું હતું**

હવામાન નિષ્ણાતોના જણાવ્યાનુસાર, રાજ્યમાં બે સાયક્લોનિક સર્ક્યુલેશન, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને વરસાદી ટ્રફ સક્રિય થવાને કારણે વાતાવરણમાં આ પલટો આવ્યો છે. આ બદલાયેલા માહોલને પગલે આગામી બે દિવસમાં તાપમાનમાં પણ ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો નોંધાવાની સંભાવના છે, જેનાથી ગરમીમાં થોડી રાહત મળશે પરંતુ ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.આજે (બીજી એપ્રિલ) બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, સૌરાષ્ટ્રઃ રાજકોટ, જામનગર, દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર. વડોદરા, ભરુચ, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, નર્મદા, છોટા ઉદેપુર, દાહોદ, કચ્છ, દમણ અને દાદરાનગર હવેલીમાં કમોસમી વરસાદની સંભાવના છે.

ત્રીજી એપ્રિલના રોજ બનાસકાંઠા, સાબરકાંઠા, કચ્છ તેમજ સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના જિલ્લાઓ જેવા કે દ્વારકા, પોરબંદર, જામનગર, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી અને દીવ પંથકમાં વરસાદી માહોલ રહેશે.

અમદાવાદ શહેરમાં આગામી બે દિવસ મુખ્યત્વે વાદળછાયું વાતાવરણ રહેશે. પવનની ગતિમાં વધારો થવાની સાથે સાંજના સમયે છૂટાછવાયા ઝાપટાં પડવાની પણ સંભાવના નકારી શકાય તેમ નથી. નોંધનીય છે કે, કમોસમી વરસાદની આ આગાહીને પગલે ખેતીવાડી વિભાગ દ્વારા ખેડૂતોને તેમનો તૈયાર પાક સલામત સ્થળે ખસેડવા અને માર્કેટિંગ યાર્ડમાં રાખેલો માલ પ્લાસ્ટિકથી ઢાંકીને સુરક્ષિત કરવા અપીલ કરવામાં આવી છે.

ખેડબ્રહ્મા અંબાજી મંદિરે શ્રદ્ધાનું ઘોડાપૂર

# ચૈત્રી પૂર્ણિમાએ હજારો ભક્તોએ કર્યા મા અંબાના મંદિરના દર્શન

**ચૈત્રી પૂર્ણિમાનું વિશેષ મહત્ત્વ હોવાથી શ્રદ્ધાળુઓ કલાકો સુધી લાઈનમાં ઊભા રહીને માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

આજે ચૈત્રી પૂર્ણિમાના પવિત્ર અવસરે સાબરકાંઠા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ખેડબ્રહ્મા સ્થિત અંબાજી મંદિરે ભક્તોની ભારે ભીડ ઉમટી પડી છે. વહેલી સવારથી જ જય અંબેના નાદ સાથે મંદિર પરિસર ગુંજી ઉઠ્યું હતું. મા અંબાના દર્શન કરવા માટે દૂર-દૂરથી શ્રદ્ધાળુઓ ઉમટી પડતાં ચારેતરફ ભક્તિમય માહોલ જોવા મળી રહ્યો છે.

મંદિરના દ્વાર ખુલતાંની સાથે જ ભક્તોનો પ્રવાહ શરૂ થઈ ગયો હતો. ચૈત્રી પૂર્ણિમાનું વિશેષ મહત્ત્વ હોવાથી શ્રદ્ધાળુઓ કલાકો સુધી લાઇનમાં ઊભા રહીને માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે. ભક્તોમાં અનોખો ઉત્સાહ અને આધ્યાત્મિક શાંતિનો અહેસાસ જોવા મળી રહ્યો છે.ભક્તોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને મંદિર પ્રશાસન અને સ્થાનિક પોલીસ દ્વારા વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. કોઈપણ અઘટિત ઘટના ન બને તે માટે સમગ્ર મંદિર પરિસરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. સુરક્ષાના ભાગરૂપે સીસીટીવી કેમેરા દ્વારા ભીડ પર સતત નજર રાખવામાં આવી રહી છે. દર્શનાર્થે આવતા ભક્તો માટે ભોજન પ્રસાદની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે, જેનો મોટી સંખ્યામાં લોકો લાભ લઈ રહ્યા છે.હિન્દુ ધર્મમાં ચૈત્રી પૂર્ણિમાનું વિશેષ મહત્ત્વ છે. માનવામાં આવે છે કે, આ દિવસે શક્તિપીઠ અને માતાજીના મંદિરે દર્શન કરવાથી મનોકામના પૂર્ણ થાય છે. ખેડબ્રહ્માનું આ મંદિર પૌરાણિક મહત્ત્વ ધરાવતું હોવાથી અહીં દર વર્ષે પૂનમના દિવસે મેળા જેવો માહોલ સર્જાય છે.

# વેપારીને ચપ્પુ બતાવી ૩.૫૦ લાખના વકરા અને મોબાઈલની લૂંટ ચલાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા તાંદલજા વિસ્તારમાં ગઈકાલે સાંજે એક વેપારીને ચપ્પુની અણીએ લૂંટી લેવાનો બનાવ બનતા પોલીસે ત્રણ લૂંટારાની તપાસ હાથ ધરી છે.તાંદલજાની તઈબા હાઈટ્સમાં રહેતા અને પ્લાય સેંટર નામની દુકાન ધરાવતા હુસેન સાહેરવલાએ પોલીસને કહ્યું છે કે, ગઈકાલે સાંજે હું દુકાને હતો ત્યારે મારા કાકાએ વકરાના સાડા ત્રણ લાખ રૂપિયા મને આપ્યા હતા. જે રકમ મારે જમા કરાવવાની હોવાથી થેલી સ્કૂટરમાં મૂકી દર તરફ જઈ રહ્યો હતો. આ વખતે કિસ્મત ચોકડીથી મહારાજા ચાર રસ્તાની વચ્ચે સ્કૂટર ઉપર આવેલા ત્રણ જણાએ મને આંતરી લીધો હતો અને એક જણાએ મારા સ્કૂટર પર પગ મૂકી દીધો હતો. ત્યારબાદ બીજા એક લૂટારુંએ મારા સ્કૂટરમાંથી ચાવી કાઢી લીધી હતી અને ગાડી સાઈડ મેં લગા દે.. ડીકી ખોલ... પૈસા દે દે તેમ કહી ખિસ્સામાંથી ચપ્પુ કાઢી બતાવ્યું હતું. ત્યારબાદ તેણે મારા સ્કૂટરમાંથી રોકડ કાઢી લીધી હતી. લુંટારું એ તેરે પાસ જો હૈ વો દે દે.. તેમ કહી મારો મોબાઈલ પણ લૂંટી લીધો હતો. પોલીસે આ બાબતે તપાસ સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી છે.